# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

**CDO PRAKASH SAMIKSHA**

Since 1925... FORTNIGHTLY સળંગ વર્ષ ૯૫મું

VOLUME : 23 • ISSUE : 09 • PAGES : 24 • MUMBAI • DATE : 05TH DECEMBER 2020 • YEARLY SUBSCRIPTION RS. 50/-

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com


## શ્રી અચલગચ્છ જૈન સંઘ મુલુંડ (પૂર્વ)માં ચાતુર્માસ બિરાજમાન અચલગચ્છ નાયક પ.પુ. આ.ભ શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા આદિ ઠાણાના ચાતુર્માસ પરિવર્તન






## કચ્છ ૭૨ જિનાલય થી ચાતુર્માસ પરિવર્તન કરી રહેલા પ.પુ. રાજરત્નસાગરજી મ.સા આદિ ઠાણા... તેઓ નાગલપુર ગામે પધારેલ છે...





## માટુંગા સંઘમાં ચાતુર્માસ અર્થે બિરાજમાન પ.પુ. સા. શ્રી નયગુણાશ્રીજી મ.સા. ના ચાતુર્માસ પરિવર્તનની ઝલક





# હેપ્પી ગોલ્ડન જ્યુબિલી

|| શ્રી સચ્ચાઈ માં ને નમઃ ||

એક બીજાને ગમતાં રહીએ, કંઈ ખટકે તો ખમતાં રહીએ
સંજોગો કેવા પણ સર્જાય, થોડા થોડા નમતાં રહીએ
સ્વાર્થી - સાંકડા સંકુચિત ન રહેતા, નદીના નીર થઇ વહેતા રહીએ
વાત અંદર અંદર ન વાગોળતા, એક મેકને કહેતાં રહીએ
પડી ગાંઠના સરવાળા-બાદબાકી ન કરતાં, મીઠાં સંબંધોનો ગુણાકાર કરતાં રહીએ



## શ્રી ચંદ્રકાંત દામજી લોડાયા - શ્રીમતી યશવંતી ચંદ્રકાંત લોડાયા

ગામ : કોઠારા, હાલ : મુલુંડ

**સ્વ. લક્ષ્મીબાઈ દામજી લોડાયા ના પુત્ર-પુત્રવધુ**
**સ્વ. મીઠીબાઇ ઝવેરચંદ મેઘજી કુરૂવા ના પુત્રી-જમાઈ**

૩ ડિસેમ્બર ૨૦૨૦ ના શુભ દિવસે લગ્નની ૫૦મી વર્ષગાંઠ પ્રસંગે
આપનું લગ્નજીવન આવી રીતે જ સ્મિત સ્નેહની લાગણી
અને ખુશીની પુષ્કળ મીઠી યાદોથી ભરપૂર રહે એ જ શુભેચ્છા.

શુભેચ્છક

શ્રીમતી નમીશા નિલેશ મુલચંદ નાગડા પરિવાર
શ્રીમતી મનીષા મિતેશ ઝવેરચંદ લાલકા પરિવાર
શ્રીમતી હર્ષા પ્રિતેશ ચંદ્રકાંત લોડાયા પરિવાર
ગં.સ્વ. રમીલાબેન શિવજી વેલજી લોડાયા પરિવાર
સ્વ. લક્ષ્મીબાઇ જેતશી મેઘજી કુરૂવા પરિવાર
સ્વ. મધુરીબેન નરશી નાગડા પરિવાર
ગં.સ્વ. ચંદનબેન સોમચંદ દંડ પરિવાર
ગં.સ્વ. વિણાબેન આણંદજી છેડા પરિવાર
ગં.સ્વ. નૂતનબેન નવીનચંદ્ર લાલકા પરિવાર
ડેલીશા, ધ્વનિ, આશના અને નૈતિક

*With Best Regards*

NEE Components Pvt. Ltd.
VNS Switchgear I Pvt Ltd.

Evoglobe Infrastructure Pvt. LTD.
Nona Tech Pte. Ltd. Singapore



# प्रिया, अभिनंदन...

इस कामयाबी पर माता प्रीति एवं
पिता प्रवीण की छाया हो तुम
प्रिय बेटी हो तुम मैशेरी परिवार की,
सम्मान और गौरव हो हम सबका
महामारी के काली रात में आशा का दीप
हो तुम जल्द ही प्रयासों को मिले यश,
भारत और विश्व को मिले संजीवनी ।
फिर से बने भयमुक्त हर इन्सान।
इस धरा की दुरियाँ और बंदिशे मिट जाएं
सारी, फिर से इन्सान हो जाए करीब,
फिर से हो चहल पहल वही पुरानी,
खुशहाल हो धरा हमारी प्रगति के शिखरों
को, करते रहना यूं ही सर,
आशीष है हमारे हैं साथ तुम्हारे।



मेरी सुपुत्री चि. प्रिया मैशेरी
का बहुमान श्री छत्तीसगढ KDO महाजन ने उसके कोविंड 19 की वैक्सीन रिसर्च में विशेष योगदान एवं उसके रिसर्च पेपर का प्रकाशन इंग्लैंड की Lancet Global Health Journal में प्रकाशन होने पर किया। धन्यवाद ...

प्रवीण मैशेरी

**लक्ष्मीबेन माणेकजी देवजी मैशेरी परिवार रायपुर**
**नवलबेन विनोद मैशेरी, रायपुर**
**कस्तूरीबेन चिमनलाल नागड़ा परिवार, नांदेड़**
**पुष्पा दिनेश लुंठिया, विज्या प्रवीण नरशी दंड,**
**हंसा जनक नायक दंड**
**प्राची अंकुर शाह, पार्थ प्रवीण मैशेरी**





# શ્રદ્ધાંજલિ સુમન, સ્મરણાંજલિ



## સ્વ. લેરિન વર્ધમાન ખોના

ગામ : સુજાપુર, હાલે - પવઈ

(૧૯૫૬-૨૦૨૦) (૬૪ વર્ષ)

સદાય હસમુખ મુખારવિંદ, સાદગી સભર જીવનશૈલી,
જ્ઞાતિ તથા વિવિધ સંસ્થાઓમાં સેવાર્થે આપનું યોગદાન
સદાય સ્મરણ પટ પર રહેશે

**શ્રી લેરિનભાઈની અણધારી વિદાયથી સમાજે, કાબેલ, હોશિયાર, તન-મન-ધનથી સેવા કરનાર એક વ્યક્તિ વિશેષને ખોયેલ છે. કચ્છ સુજાપુરના આધારસ્તંભ અને અમારા સાથી એવા શ્રી લેરિનભાઈની ખોટ સદાય સાલશે, પ્રભુ એમના આત્માને પરમ શાંતિ તથા મોક્ષગામી બનાવે અને પરિવાર તથા સ્નેહીજનોને દુખદ પળોને સહન કરવાની શક્તિ બક્ષે એવી હાર્દિક પ્રાર્થના.**

આપની યાદમાં....

**શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ, (૨૦૧૫-૨૦૨૦) અધિકારીઓ**

• શ્રી કલ્પેશ માણેકજી મોતા • શ્રી મુકુંદ મણિલાલ મોમાયા,
• શ્રી રમેશ હીરજી લોડાયા • શ્રી ચેતનકુમાર ખીમજી મોમાયા,
• શ્રી અતુલ ડુંગરશી ધરમશી તથા વ્યવસ્થાપક સમિતિના સભ્યો

**શ્રી અનંતનાથજી દેરાસર અને તેના સાધારણ ફંડસ ટ્રસ્ટીઓ (૨૦૧૫-૨૦૨૦)**

• શ્રી કલ્પેશ માણેકજી મોતા• શ્રી હેમરાજ મેઘજી ગોશર,
• શ્રી જયંત ભવાનજી સોની • શ્રી ચિમનલાલ હીરજી ખોના,
• શ્રી ચેતનકુમાર ખીમજી મોમાયા • શ્રી કમલેશ મુલચંદ સોની,
• શ્રી બિપિન પાશ્વીર નાગડા • શ્રી તરૂણ ધનજી ધરમશી,
• શ્રી જીવરાજ ગોવિંદજી લોડાયા • શ્રીમતી માલતી હરીશ ધરમશી

**શ્રી ક.દ.ઓ.જૈન સંઘ, મસ્જિદ બંદર**

**શ્રેષ્ઠિવર્ય શ્રી તરૂણભાઈ રતનશી લોડાયા, સાંચરા-ઉજ્જૈન**

## તંત્રી સ્થાનેથી

**જિન શાસનના તેજસ્વી તારક શ્રી વિજય વલ્લભસૂરી મ.સા. વિશે લીનાબેન હિરેન લોડાયાનો માહિતી સભર તથા સુંદર લેખ છે જેને તંત્રી સ્થાનેથી કૉલમમાં સ્થાન આપતા આનંદ અનુભવું છું.**

**– ડૉ. હીરાચંદ દંડ - 7738508150**



# કોણ હતા ''પંજાબ-કેસરી''... શ્રી વિજય વલ્લભસૂરી...!!

કોણ હતા જૈનાચાર્ય શ્રી વિજય વલ્લભસૂરી ! ?

કે જેમની પ્રતિમા ને "statue of peace" જેવું much suitable નામ આપીને પ્રધાનમંત્રી મોદી અનાવરણ કરવાના છે (અને આ વંચાશે ત્યાં સુધી થઈ પણ ગયું હશે) !

આ જાણવું હોય તો ગૂગલ સર્ચ કરવા કરતા દિલ્હીમાં વસતા પાકિસ્તાનથી હિજરત કરીને આવેલા પંજાબી જૈનો ને પૂછજો. ખાસ કરીને ૮૦/૯૦ વરસના હોય, તો અવાજમાં અહોભાવ આણ્યા વગર તેઓ બોલી જ નહીં શકે !

ખરા ગુરૂ, ખરો લોકનેતા કેવો હોય એ જાણવું હોય તો આ વાંચજો... !!!

કાળધર્મ પામ્યાને લગભગ ૬૦/૭૦ વર્ષોના વહાણા વીત્યા પછીય તેમનો સ્નેહ પામેલા શ્રાવકો તેમને લાગણીભીના શબ્દે યાદ કરે તો એ મહાત્માની શ્રેણી કેવી હશે એની કલ્પના કરજો ! (મેં તો મારી પંજાબી સખીઓના વડવાઓને આ બધું કહેતા નજરે જોયા અને કાને સાંભળ્યા છે... મારો ઉછેર દિલ્હીમાં થયો છે એટલે.)

વાત આઝાદી પહેલાની છે. પાકિસ્તાન હજી ભારત જ હતું. વડોદરા માટે ગૌરવ લેવા જેવી વાત કે તેઓ મુળ અહીંના હતા. ૧૭ વર્ષની ઉંમરે ગુરૂ શ્રી વિજયાનંદજી પાસે દીક્ષા લીધી અને થોડા વર્ષોમાં કેળવાઈ ગયા પછી એમને પંજાબમાં ધર્મસેવાનો આદેશ આપ્યો. તેમણે પણ બીડું ઝડપી લઈને પહેલા તો સ્નેહથી લોકોના મન જીત્યા અને પ્રવચનો દ્વારા માંસાહાર કરતી પંજાબી પ્રજાને અહિંસા તરફ વાળી ને જૈન ધર્મ તરફ વાળ્યા.

પાછી વિચારધારા progressive (સર્વાંગીણ વિકાસશીલ) હતી તેથી પ્રજાનાં પૈસાનું રોકાણ યોગ્ય રીતે યોગ્ય અને સમાજોપયોગી, જીવનોપયોગી કાર્યો માટે તથા શિક્ષણનું મહત્વ સમજી પંજાબમાં ઘણી સ્કૂલ-કોલેજો ખોલાવી... અને એ પણ એવુ જડબેસલાક કામ કે ૭૦/૮૦વર્ષો પછીય બધી સંસ્થાઓ આજે પણ functional (કાર્યરત) છે.

હોસ્પિટલો ય બનાવડાવી ! પછી આવ્યો વિભાજનનો હ્રદયદ્રાવી સમય ! સૂરીજી ત્યારે ગુજરાંવાલામાં હતા. (જે પાકિસ્તાનનાં પંજાબમાં છે.)

આટલું કામ કર્યું હતું એટલે પાક તરફી પંજાબના સરકારી અફસરોમાં ય એમના માટે માન હતું.

એટલે એમને વિમાનમાં ભારત જવાની સગવડ કરી દેવાનુ નક્કી થયુ પણ તેમણે જૈનસાધુ વાહન-પ્રવાસ ન કરે એટલે પણ અને બીજુ પોતાના શ્રાવક-પરિવારોને આમ નોંધારા મુકીને પોતે સેફ થવા નહોતા માંગતા, એટલે ઓફર નકારી કાઢી.

એટલું જ નહીં પણ પોતાના પહેલા આખા પાકિસ્તાની પંજાબના બધાય શ્રાવકોને સુરક્ષિત રીતે ભારત જવા દેવામાં આવે અને તેઓ સૌથી છેલ્લે વિહાર કરશે અને એ પ્રમાણેની બધી વ્યવસ્થા કરાવી, બધા સુરક્ષિત ભારત પહોંચ્યા પછી પોતે વિહાર કર્યો અને એક ખરો લીડર અને ગુરૂ કોને કહેવાય એનું ઉત્કૃષ્ટ ઉદાહરણ બન્યું !

અને ત્યાર પછી એમના આવા બળવાન વ્યક્તિત્વને પરિભાષિત કરતી ''પંજાબ કેસરી''ની ઉપાધી આપવામાં આવી !

ભારત આવ્યા પછી પણ તન-મન-ધન થી તૂટી ગયેલા, ઘરબાર વગરનાં પંજાબી શરણાર્થીઓને સમતા આપવી, માર્ગદર્શન આપીને set થવામાં સહાય કરી.

ભારતના પંજાબમાં ય આઝાદી પછી સ્કૂલો બનાવડાવી (ગૂગલ સર્ચ for the names).. અને લોક-કલ્યાણના એટલા કામો કર્યા કે પંજાબી જૈનો આજે પણ કોઈ કામ શરૂ કરતા પહેલા ''બોલો વિજય વલ્લભ સૂરી મહારાજ કી જય'' બોલાવે જ ! એવા સાચા ગુરૂ... આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીજી ને વંદન...

**- લીના હિરેન (લોડાયા) શાહ,** (ઈશાનયન)
વરાડીયા - વડોદરા, મો.: 98677 54928

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**

ડૉ. વેલજી પાર્શ્વીર ગોસર

**''સમીક્ષા''**

સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા

**''પ્રકાશ સમીક્ષા''**

સનત્ શાહ

રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**

ડૉ. હીરાચંદ દામજી દંડ

**: તંત્રી મંડળ :**

કેશરસિંહ આણંદજી ખોના    ઉદયન લાલજી લોડાયા

મુકેશ ભવાનજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**

પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ

માનદ્‌મંત્રી : ઉદયન લાલજી લોડાયા

કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી મુનવર

**અન્ય ટ્રસ્ટીઓ**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા    કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા

શરદ કાંતિલાલ શાહ (નાગડા)    પંકજ પ્રતાપ શાહ

કેશરસિંહ આણંદજી ખોના    શૈલેશ સનત્ શાહ

તિલકચંદ કુંવરજી લોડાયા    જયંત વિશનજી છેડા

મુકેશ ભવાનજી લોડાયા

**: ઑડીટર્સ :**

CA હિતેશ મણીકાંત ધરમશી

**વૉલ્યુમ : ૨૩, અંક : ૦૯, તા. ૦૫-૧૨-૨૦૨૦**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**C/o. CHINTAN GRAPHICS**

Dr. Babasaheb Ambedkar Chowk,
90ft Garage Lane, Opp. Shastri Nagar,
Pant Nagar, Ghatkopar (E), Mumbai - 400075.
Tel.: 022-2508 4463 /64 /65
E-mail : kdoprakash@gmail.com

સમય : સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦ ફક્ત
રવિવાર અને જાહેર રજાના બંધ

**: જાહેરાત સંપર્ક :**

મુકેશ ભવાનજી લોડાયા

**022-2508 4463 / 2508 4464 / 2508 4465**
**Mob.: 98211 54326**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

## 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી**

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of
**"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

## પુણ્યની કમાણી

જિન શાસન જયવંતુ છે.

અનંતાનંત જીવોનું કલ્યાણ કરનાર છે. પુણ્યાનુબંધી પુણ્યના ઉદયથી પ્રાપ્ત થાય છે. પંચમકાળમાં... હળહળતા કળિયુગમાં આ જિનશાસન કર્મ નિર્જરા અને પુણ્ય ઉપાર્જન માટેનું શ્રેષ્ઠ સાધન છે. આપણે પૂર્વભવમાં અદ્ભૂત પુણ્ય સંચય કરીને અહીં આવ્યા છીએ એટલે જ આપણને જયવંતુ જિનશાસન મળ્યું છે. હવે આપણે મળેલા શાસનના સદુપયોગ દ્વારા શું કર્મ નિર્જરા અને પુણ્ય ઉપાર્જનમાં જાગૃત છીએ ખરા ? તકના ટકોરા બારણે પડે... તકદીર બનાવનાર તક મળે... લક્ષ્મી ચાંદલો કરવા આવે ત્યારે આપણે બધાને હર્ષવિભોર બની વધાવીએ ને ? તકની ઝડપે ઉત્તમ તકદીરનું નિર્માણ કરી લઇએ ને ? ક્યાંક આળસ અને પ્રમાદમાં તકને ગુમાવી બેસતા નથી ને ? આત્મનિરીક્ષણ માટેની પળ આવીને ઉભી રહી છે ? આવો થોડું ચિંતન કરી લઇએ.

આપણા વડિલો આપણા માટે અનોખો - અમુલ્ય જાજરમાન વારસો મૂકી ગયા છે. ત્રીસ હજારની વસ્તી ધરાવતી કચ્છી દશા ઓશવાળ જ્ઞાતિ પાસે શિખરબદ્ધ એવં ઘર દેરાસર મળીને સાંઇઠથી વધારે જિનાલયો છે. એક એક પ્રાચીન સંઘ અને જિનાલયને વડિલો કરોડોની મિલ્કત સોંપી ગયા છે. આપણે સવાસો-દોઢસો-બસો વરસોથી આ વારસો સારી રીતે જાળવતા આવ્યા છીએ. એના દ્વારા આપણા જ્ઞાતિજનો અનેક રીતે વિવિધ આરાધનાઓ કરીને અપૂર્વ પુણ્ય કમાવી રહ્યા છે. આપણી જ્ઞાતિ સાહસિક-લાગણીશીલ-દાનવીર અને ઉદારદિલ છે. સમય અને સંજોગો પ્રમાણે સામાજિક - ધાર્મિક ક્ષેત્રે લાભ લઇ પુણ્ય ઉપાર્જન કરે છે. આપણે આપણા સંઘના કાર્યો પણ આપણા જ્ઞાતિજનોના હિતને માટે જ્ઞાતિજનોના સહયોગથી જ કરીએ છીએ. ઉપાશ્રયો-અતિથી ગૃહો જ્ઞાતિના દ્રવ્યથી જ બનાવીએ છીએ. **બીજા સંઘોમાં લાભ લઇએ પણ આપણો લાભ આપણી પાસે જ સુરક્ષિત રાખીએ છીએ.** વધારે શું કહીએ **શ્રી અનંતનાથ મહારાજ દેરાસરના જિર્ણોધ્ધાર માટે તથા ચોવિસ જિનાલયના નિમાર્ણમાં ક્યાંય અરજી કરીને અન્ય સંઘના દેવદ્રવ્યની પણ અપેક્ષા રાખી નથી.** આવી સ્વાભિમાની જ્ઞાતિ અજ્ઞાનતાથી પોતાનો લાભ... પોતાનું પુણ્ય જ્યારે બીજાને આપતી થઇ છે ત્યારે અંતરમાં વેદના થાય છે.


કેટલાક સમયથી અમદાવાદનો ધર્મપ્રેમી પરિવાર ઉદારતાથી બધા જ જિનાલયોની ધ્વજા આપે છે. દેરાસરની જેટલી ધ્વજાઓ હોય બધી જ વ્યવસ્થિત-સમયસર શ્રી સંઘોને પહોંચાડે છે. એમની ભાવના અત્યંત અનુમોદનીય છે.. **જેમ જેમ જિનાલય ઉપર ધ્વજા લહેરાય તેમ તેમ ધ્વજા આપનાર અને ધ્વજા ચઢાવનારનું પુણ્ય ઉંચુ ચઢતું જાય... ઉત્કૃષ્ટ બને... ચારે દિશામાં એની યશ-કીર્તિ ફેલાય.** એ ઉક્તિ પ્રમાણે એ પરિવાર ઉત્કૃષ્ટ પુણ્યની કમાઇ કરી રહ્યો છે. એમના કાર્ય અને ભાવનાને સો-સો (શત-શત) સલામ. પણ આપણને એમ નથી લાગતું - આપણે કાંઇક ગુમાવી રહ્યા છીએ ? **આપણા વડીલોએ સ્વદ્રવ્યથી કરોડોના જિનાલયો બનાવ્યા એની બે-પાંચ હજારની ધ્વજા બનાવવામાં - ધ્વજાનું પુણ્ય કમાવવામાં આપણે કાયર બન્યા... નબળા પડ્યા.** આપણે વાણિયા બુદ્ધિ વાપરી જેણે આપણી અપરિપક્વતા જાહેર કરી. આપણે પૈસા બચાવ્યા... મહેનત બચાવી પરંતુ પુણ્ય ગુમાવી બેઠા. આપણા વડિલોની ગૌરવગાથા ભૂલી ગયા. આપણો હાથ હમેશા ઉંચો હોય... આપનારો હોય. નીચે ન હોય... લેનારમાં ન હોય. આપણા ગામોમાં આજે પણ એવા ભાવિકો વસે છે જે પોતાના ગામની ધ્વજા બનાવીને શ્રી સંઘ-મહાજન કે દેરાસરને સોંપી શકે... આવું નાનું પણ મહાન પુણ્ય કમાવી શકે. શ્રી ક.દ.ઓ. જ્ઞાતિના સહુ મહાજનો - દેરાસરોને નમ્ર વિનંતી છે આપશ્રી આપના ગામની જ વ્યક્તિઓને ધ્વજાનો લાભ આપો. **દેરાસરમાં દેવાધિદેવના દર્શન પછી થાય છે પહેલા દાદાની ધ્વજાના દર્શન થાય છે. ધ્વજા જોઇને જિનાલયને 'નમો જિણાણં' કહી વંદન થાય છે.** મને મારા જ્ઞાતિજનો ઉપર સંપૂર્ણ વિશ્વાસ છે કે તેઓ ક્યારેય આ લાભ ગુમાવશે નહીં. કદાચ આપને આપના ગામમાંથી દાતા ન મળે તો તમારા ગામના જિનાલયની બધી જ ધ્વજાઓ માટે તમારા જ ગામના દાતા મેળવી આપવાની જવાબદરી અમે સ્વીકારવા તૈયાર છીએ. મહાન પુણ્યના ઉદયે મળતા લાભને લેવા આપણે આગળ આવીએ. જો સંઘો જાહેરાત કરશે તો નામો વેઇટીંગ લીસ્ટમાં હશે એની મને ખાત્રી છે.

જય આદિનાથ પરિવારના દાતાઓ દ્વારા જે ધ્વજા બનાવી - અર્પણ કરવાનો કાર્યક્રમ થયો એમાં કચ્છના ૬-૭ અને હાલારના ૪-૫ જિનાલયો છોડીને બધાએ જે લાભ આપ્યો આ બધા જ સંઘો ધન્યવાદને પાત્ર છે. એમની ભૂરી-ભૂરી અનુમોદના કરીએ છીએ. પ્રમાદને ખંખેરી બધાં જ સંઘો આત્મનિર્ભર બને એ જ અંતરના આશીર્વાદ.

**લી. સા. જયદર્શિતાશ્રીજી**

# ''જૈન ધર્મ મારી દ્રષ્ટિએ...'' મણકો-૨૩

લેખક : સોમ ધરમશીં, મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭



(ગતાંકથી ચાલુ...)

''જૈન ધર્મ મારી દ્રષ્ટિએ મણકો ૨૨ માં'' આવશ્યક સુત્રના ૬ વિભાગ માંથી પ્રથમ વિભાગ સામાયિક-સમભાવ, સમતા ઉપર મારા વિચાર પ્રગટ કરવાની પહેલાં કેટલીક બાબતની ફરીથી ચોખવટ કરવી હું જરૂરી સમજુ છું.

પ્રથમ તો હું જૈન ધર્મના મુળ તત્ત્વો અને સિદ્ધાંતોને માનું છું અને પુરેપુરુ માન-સમ્માન દઉં છું. તેમજ અન્ય ધર્મના સિદ્ધાંતોને અને તત્ત્વોને પણ પુરતુ માન આપુ છું કારણ કે બધા ધર્મોમાં ઘણી બધી સામ્યતા રહી છે. જે મારા આગલા લેખોમાં વર્ણવી છે. હું એ માનવાને તૈયાર નથી કે ફક્ત જૈન ધર્મ જ શ્રેષ્ઠ છે અને તેમાંથી જ મુક્તિ કે મોક્ષ મળી શકે. અન્ય ધર્મોમાં પણ આનું માર્ગદર્શન છે. રસ્તા અલગ-અલગ છે છેવટનું લક્ષ્ય એક જ છે.

જગત પરિર્વતનશીલ છે અને તેથી ધર્મ શાશ્વત (Everlasting) હોઈ શકે પણ સ્થિર ના હોઈ શકે (Static) સમય-સમય પ્રમાણે તેમાં બદલાવ આવી શકે. મુખ્ય સિદ્ધાંતો કે તત્ત્વો શાશ્વત રહે પણ ક્રિયાઓ, આચરણમાં ફેરબદલ થઈ શકે. તેથી કોઈપણ ક્રિયાને સમજ્યા વગર, તેના પાછળ રહેલી ભાવનાની કદર કર્યા વગર જડતાથી પકડી રાખવાથી આપણે ધર્મ કરી રહ્યા છીએ એમ માનવું મારા મતે બરાબર નથી. **આ મારા વિચારો, મંતવ્યો છે તેથી તેની સાથે સહમત થવાની જરૂરત નથી.**

હું ફરીથી એક વખત કબુલ કરવા ઈચ્છું છું કે મેં જૈન ધર્મનો કે કોઈ અલગ ધર્મનો અતિ ઉંડો અભ્યાસ કર્યો નથી, પણ મારા જુદા-જુદા અનુભવો જેને સચ્ચાઈની એરણ પર ચઢાવી જોયા છે તેના પરથી મને જે ફલીત થયું છે તે મારા જેવા સામાન્ય વ્યક્તિ માટે વ્યક્ત કર્યા છે.

હવે પછીના મારા લેખોમાં વિચાર-વિર્મશ કરવા પ્રબુદ્ધ જીવનમાં પ્રકાશિત થતા જ્ઞાનિજનોના લેખો તથા ''સમણસુત્તં'' , ''જૈન ધર્મસાર'' અને અન્ય ઉપલબ્ધ જૈન ધર્મ પરની ટીકાઓ, વિવેચનો ઈત્યાદિનો સહારો લઈ સામાન્ય માનવીની સમજમાં આવે તેવો પ્રયત્ન કરવાનો છું.

આટલો એકરાર કર્યા પછી આ લેખમાં ૬ આવશ્યકના પ્રથમ આવશ્યક એટલે કે ''સામાયિક-સમભાવ-સમતા'' પર ચર્ચા વિચારણા કરીશું.

समभावो सामाइयं, तणकंचण-सत्तुमित्तविसओ त्ति ।
निरभिस्संगं चित्तं उचियपवित्तिप्पहाणं च ।।

ઉપરોક્ત ગાથાનો સામાન્ય ભાષામાં અર્થ થાય કે ઘાસ હોય કે સોનું, શત્રુ હોય કે મિત્ર, દરેક પ્રત્યે સમાન ભાવ અનુભવવો એ સામાયિક છે. ચિત્ત વિક્ષોભ રહિત હોય અથવા ઉચિત પ્રવૃત્તિ (સ્વાધ્યાય આદિ)માં લાગેલું હોય એ સામાયિકની અવસ્થા છે.

ઉપરના સૂત્રના હાર્દમાં જઈશું તો સૌથી અગત્યની ભાવના મળે છે તે ''દરેક પ્રત્યે સમાન ભાવ અનુભવો એ સામાયિક છે. તેમજ ચિત્ત પણ ઉચિત પ્રવૃત્તિ અથવા સ્વાધ્યાય ઈત્યાદિમાં લાગેલું હોવું જોઈએ તે સામાયિકની પ્રથમ શરત છે. શું આપણે સામાયિક કરતા દરેક પ્રત્યે સમાન ભાવ અનુભવી શકીયે છીએ.

આ સામાયિકની અવસ્થા કે સ્થિતિ પ્રાપ્ત કરવા માટે શું જરૂરી છે તેનું માર્ગદર્શન પણ આપણને આ પુસ્તકમાં સમાવેલ ગાથામાંથી જ મળી રહે છે.

वयणोच्चारणकिरियं, परिचत्ता वीयरायभावेण ।
जो झायदि अप्पाणं, परमसमाही हवे तस्स ।।

ઉપરોક્ત ગાથાનો સામાન્ય ભાષામાં અર્થ થાય કે વીતરાગ ભાવનો આશરો લઈ વચનોચ્ચાર વગેરે ક્રિયાઓ છોડી જે આત્માનું ધ્યાન કરે છે તેને પરમ સામાયિકની સ્થિતિ પ્રાપ્ત થાય છે.

મારી સમજ પ્રમાણે સૌપ્રથમ વીતરાગ ભાવનો શ્રી રતીલાલ નાયક સંપાદીત જોડણી કોષમાં અર્થ આપેલ છે કે રાગ-આસક્તિ વિનાનું, આ ભાવનાનું આશરો લઈ જે આત્માનું ધ્યાન ધરે છે તેને પરમ સામાયિકની સ્થિતિ પ્રાપ્ત થાય છે.

આજની જીવનશૈલી કે પરીસ્થિતિમાં શું રાગ-આસક્તિ વિના કે મોહમાયા વિના જીવવાનું શક્ય છે ? હજારો કોશિશ કરો તો પણ જ્યાંથી જીંદગી શરૂ થાય છે ત્યાંથી આત્મા મોહમાયાના લપેટમાં વિટળાતો જ જાય છે, તેથી અત્યારની પરિસ્થિતીમાં પરમ સામાયિકની સ્થિતી પ્રાપ્ત કરવી એ મારા અનુભવે અશક્ય જેવી છે.

આ લેખને તૈયાર કરવામાં ''સમણસુત્તં'' - જૈન ધર્મસાર પુસ્તકનો આધાર લીધેલ છે. **(વધુ આવતાં અંકે...)**

**સમય પ્રવાહ**

# મનુષ્યોની બૌદ્ધિક પ્રગતિ - અજ્ઞાનમાંથી જ્ઞાન તરફ અને જ્ઞાનમાંથી વિજ્ઞાન તરફ


- પ્રવિણચંદ્ર શામજી ધરમશી (શાહ) કોઠારા-સુરત
મો. 9978903247




કારતક સુદ પાંચમ કે પંચમીના દિવસને જૈનો જ્ઞાન પાંચમ પર્વ તરીકે ઉજવે છે; અને તે દિવસે પુસ્તક, ખાસ કરીને ધાર્મિક પુસ્તક કે ગ્રંથોનું પૂજન કરે છે. આમ તો દુનિયાભરમાં એવી માન્યતા છે કે જૈનો માત્ર પૈસા એટલેકે લક્ષ્મીજીના પૂજારી છે; તે ઉપરાંત જૈનો એ ધર્મપ્રેમી પ્રજા છે એવી છાપ પણ આ અહિંસક ને શાંતિપ્રિય લઘુમતી કોમ માટે જગજાહેર છે, તેથી જૈનો જ્ઞાનની પણ પૂજા કરે છે, એ વાસ્તવિકતાને કદાચ બહુ પ્રસિધ્ધી નથી મળી. આ રીતે વાસ્તવિકતા અને માન્યતા વચ્ચે ઘણો ફરક પડી ગયો છે. ગુજરાતી ભાષાને સમૃદ્ધ અને સક્ષમ બનાવવામાં જૈનાચાર્ય પરમ પૂજ્ય હેમચંદ્રાચાર્યજીનું મોટું યોગદાન છે, જેમણે સિદ્ધરાજ જયસિંહના સમયમાં ગુજરાતી ભાષાના વ્યાકરણનું પુસ્તક 'સિદ્ધહેમ' લખેલ અને જે ગ્રંથને હાથીની અંબાડીમાં સ્થાપિત કરીને જેની શોભા યાત્રા પાટણ શહેરમાં કાઢવામાં આવેલ તેવું ઈતિહાસમાં અંકિત થયેલ છે. જૈનો સિવાય શીખ સમુદાય પણ પુસ્તક, જે 'ગુરૂગ્રંથસાહેબ' કહેવાય છે તેની એટલે કે જ્ઞાનની નિયમિત પૂજા કરે છે. સમગ્ર ગુજરાતમાં પહેલાં નવાવર્ષની શરૂઆત કારતક સુદ એકમથી થતી અને વ્યાપારિક હિસાબ કિતાબનું વર્ષ પણ તેજ દિવસે શરૂ થતું; એટલે કે નવું આર્થિક વર્ષ પણ તેજ દિવસે ચાલુ થતું, તેથી દિવાળીના દિવસે ધંધા વ્યાપારના હિસાબોના પુસ્તકો જેને 'ચોપડા' કહેવાતા તેનું વિધિવિધાન સાથે પંડિત કે બ્રાહ્મણ દ્વારા પૂજન કે પૂજા કરવાની પ્રથા જેને 'ચોપડા પૂજન' કહેવાય છે તે આજે પણ જીવંત છે.

જ્ઞાન એ મનુષ્યના બૌદ્ધિક વિકાસનું માપદંડ છે, અને જયારે તેમાં ભક્તિ કે ધાર્મિક તત્વ ભળે છે ત્યારે તે પૂજનીય બને છે. આમ તો જ્ઞાન એ અદ્રશ્ય અને અમૂર્ત્ય છે, તેથી તેની પૂજા કરવા માટે જ્ઞાનના પાર્થિવ પ્રતીક રૂપ તરીકે પુસ્તકને માનવામાં આવે છે, અને તેની પૂજા કરવામાં આવે છે. તે ઉપરાંત પર્યુષણના પર્વમાં શ્રાવકો બારસા સૂત્રના પવિત્ર ગ્રંથ જેને 'પોથી' કહે છે તેને પોતાના ઘરે પધરાવે છે. આમ પુસ્તક કે ગ્રંથને પસ્તી નહીં પણ પૂજનીય વસ્તુ માનીને તેનું યોગ્ય માન સન્માન એ જૈનોની ધાર્મિક પરંપરા રહી છે. બે વરસ પહેલાં સુરતના એક જૈન સંઘમાં ૪૧ આગમ ગ્રંથોની શોભાયાત્રા કાઢવામાં આવેલ અને સાધર્મિક ભક્તિ સાથે તેનું સમાપન કરવામાં આવેલ. એટલે જૈનો ધાર્મિક પુસ્તકો કે ગ્રંથો, જેને જ્ઞાનનું પ્રતીક માનવામાં આવે છે તેનું સન્માન નહીં પણ પૂજા, પ્રણામ કે વંદન કરે છે, અને તે એમની ધાર્મિક સંસ્કૃતિ, પરંપરા કે પ્રથાનો એક અભિન્ન ભાગ છે.

જ્ઞાન પંચમીના અવસર પર સોશ્યિલ મીડિયામાં **प्रथम नानस्य त्वा दया** અને **नमो नानस्य** આ બે પ્રાકૃત ભાષાના વાક્યો સારા એવા પ્રમાણમાં જોવા મળેલ. જૈન ધર્મનો મુખ્ય અને પાયાનો સિદ્ધાંત છે દયા કે કરૂણા, અને તેના આધાર પર શ્રમણ (સાધુ) અને શ્રાવકના (સાંસારિક) આહાર તથા વ્યવહાર કે જીવન શૈલીની રચના કરવામાં આવેલ છે. પણ **प्रथम नानस्य त्वा दया** આ વાક્ય એવું દર્શાવે છે કે જ્ઞાનનો દરજ્જો દયા કરતાં ઉપર છે. અને **नमो नानस्य** આ વાક્ય એવું દર્શાવે છે કે જ્ઞાન પણ પૂજનીય કે વંદનીય છે. આ સ્થાને એક ખુબ સુંદર હિન્દી ફિલ્મી ગીત **इतनी शक्ति हमें देना दाता, मन का विश्वास कमजोर हो ना** ની એક કડી **दूर अज्ञान के हो अँधेरे, तू हमें ज्ञान की रोशनी दे** યથાયોગ્ય લાગ્યે છે, જેમાં અજ્ઞાન ને અંધકાર સાથે અને જ્ઞાનને પ્રકાશ સાથે સરખાવેલ છે. જ્ઞાન એ અનંત, અફાટ, અસીમ, અમર્યાદિત, અમાપ અને અમૂર્ત વિચાર (infinite and abstract concept) છે અને તે વિષયાનુરૂપ (context sensitive) છે; એટલે જે ખાસ વિષય (specific subject) ઉપર વાત કે લેખ લખેલ હોય તેને અનુરૂપ તેનો ઉપયોગ કરવામાં આવે છે. જ્ઞાનની કોઈ ડીગ્રી નથી હોતી, ડીગ્રી ભણતરની હોય છે. અનેક સાધુ મહાત્માઓ જેમ કે તુલસીદાસ, કબીર, મીરાબાઈ કે અનેક લેખકો પણ બહુ ભણેલ નહિ હોવા છતાં જ્ઞાનીની કક્ષામાં આવે છે. ગુજરાતના પ્રસિદ્ધ લેખક શ્રી પન્નાલાલ પટેલ માત્ર ચાર ચોપડી પાસ હતા અને તેમના સાહિત્ય પર થીસીસ લખીને કેટલાક લોકોએ પી.એચ.ડી. પણ કરેલ છે! કેટલાક લોકો એવું માને છે કે જ્ઞાન મનુષ્યની ઉમર કે વયની સાથે વધે છે, તેથી પંજાબીઓ વયસ્ક કે વડીલ વ્યકતિને ગ્યાનિજી એવા આદરભર્યા સન્માનથી સંબોધે છે. ભારતના રાષ્ટ્રપતિ ગ્યાની ઝૈલસિંઘ એ આ વાતનું ઉદાહરણ છે. એમનું અસલી નામ જરનૈલસિંઘ હતું અને તેઓ ખુબ ભણેલા તથા ગુરૂગ્રંથસાહેબના અભ્યાસી હતા તેથી તેમને ગ્યાનિજીનું આદરભર્યું સન્માન ઉપનામ કે પૂર્વાંગ એ તેમની શીખ કોમએ આપેલ, અને ફરીદકોટના મહારાજા સામે તેમના વિરોધના કારણે વારંવાર તેઓ જેલમાં ગયા હતા તેથી તેમને પોતાનું નામ જૈલસિંઘ કે ઝૈલસિંઘ કરી નાખ્યું.

મનુષ્યોની બૌદ્ધિક પ્રગતિ એ સતત, વણથંભી અને

અવિરત પ્રક્રિયા છે. તેથી જ અજ્ઞાનમાંથી જ્ઞાન તરફ અને જ્ઞાનમાંથી વિજ્ઞાન તરફ મનુષ્યનો ઝુકાવ કે લગાવ એ કુદરતી છે. છેલ્લા પચાસ વર્ષોમાં મનુષ્યની જીવન શૈલી પર જ્ઞાન નહીં પણ વિજ્ઞાન એટલે કે ટેક્નોલાજીનો ખુબ જ વ્યાપક પ્રભાવ રહ્યો છે અને હવે પરંપરાગત કે રૂઢિગત જ્ઞાનનો પણ વિજ્ઞાનના સહારે જ પ્રસાર અને પ્રચાર થઇ રહ્યો છે. મનુષ્યોની જીવન શૈલી ઝડપી, આરામજન્ય, સુવિધાજનક અને સલામત બનાવવામાં વિજ્ઞાન એટલે કે ટેક્નોલાજીનો ફાળો મુખ્ય છે. જો કે વિજ્ઞાન એટલે કે ટેક્નોલાજીના કેટલાક ગેરફાયદા પણ છે; જેમાં હવા તથા પાણીના પ્રદુષણમાં વધારો મુખ્ય છે, તથા શારીરિક શ્રમનો અભાવ અને સ્વયંસંચાલિત (ઑટોમેટિક) અને બહુઆયામી (મલ્ટિટાસ્કીંગ) મશીનોના આવિષ્કારનાં કારણે અનેક લોકોના રોજગાર પર પણ અસર પડે છે.

કોરોનાની મહામારીએ છેલ્લા આઠ મહિનાઓમાં મનુષ્યોની જીવન શૈલી અને વિચાર શૈલીમાં આમૂલ કે ધરમૂળથી પરિવર્તન લાવી દીધું છે, અને ટેક્નોલોજીના વપરાશમાં અસાધારણ વધારો કરી દીધો છે. સીધા વ્યકતિગત સંપર્કને ટાળવા, અને તે રીતે કોરોનાનો ચેપ કે સંક્રમણ રોકવા માટે ટેક્નોલાજી એટલે કે ઈન્ટરનેટનો ઉપયોગ બહુજ સામાન્ય થઇ ગયો છે. શરૂઆતમાં કોરોનાને ભગાડવા માટે લોકોએ થાળી વગાડી, દિવા જલાવ્યા, હોમ-હવન કાર્ય અને અનેક મંત્રોની સાંકળો કરી. કેટલાક સાધુ મહારાજાઓએ નવા મંત્રો કે શ્લોકો પણ તૈયાર કર્યા. કેટલાક જ્યોતિષોએ તો... દિવસે કોરોના જશે તેવી આગાહીઓ પણ કરેલ. પણ બધા પ્રયોગો, પ્રયાસો કે મહેનત કોરોના સામે કારગત ના નીવડી.

આમ તો કોરોના મહામારી ફેલાવનાર જીવાણુ કે વિષાણુનું ઉદ્દભવ સ્થાન ચીનની વુહાન શહેર સ્થિત વૈજ્ઞાનિક પ્રયોગશાળા માનવામાં આવે છે; તો કોરોના મહામારીના સામના માટે જે રસી બનાવાઈ રહી છે, તે પણ વૈજ્ઞાનિક પ્રયોગશાળામાં જ બની રહી છે અને હવે તે એક માત્ર આશાનું કિરણ મનુષ્ય માટે છે. એટલે પરંપરાગત જ્ઞાન જે ધર્મ અને આસ્થા સાથે જોડાયેલ છે તે અસરકારક નહીં લાગતાં, હવે મનુષ્યો વિજ્ઞાન ઉપર ભરોસો કરી રહ્યા છે. ફિલ્મોમાં કે ટી.વી. સિરિયલોમાં વારંવાર પ્રસિદ્ધ વાક્ય **अब मरीज को दवा नहीं दुआ कि जरुरत है, और दुवा ही शायद उसे बचा शके** એ પણ કારગત નહીં નીવડતાં; બધાની આશા હવે માત્ર દવા કે રસી પર છે, જે કોરોના સામે કારગર કે અસરકારક નીવડે. જેમ જ્ઞાન એ અનંત, અફાટ, અસીમ, અમર્યાદિત, અમાપ અને અમૂર્ત વિચાર (infinite and abstract concept) છે અને તે વિષયાનુરૂપ (context sensitive) છે; એટલે જે ખાસ વિષય (specific subject) ઉપર વાત કે લેખ લખેલ હોય તેને અનુરૂપ તેનો ઉપયોગ કરવામાં આવે છે, તે વિશેષણ કે લક્ષણો વિજ્ઞાન પર પણ લાગુ પડે છે, અને તેમાં એન્જીનીઅરીંગ, ટેક્નોલોજી અને મેડિસિન સમાઈ જાય છે. એક પ્રસિદ્ધ ગુજરાતી વાક્ય 'જે પોષતું તેજ મારતું' એ વિજ્ઞાન માટે લાગુ પડે છે. વિજ્ઞાન એ એક સાધન છે જેનો ઉપયોગ મનુષ્ય સર્જન કરવા માટે કે વિનાશ કરવા માટે એની બુદ્ધિ કે મતિ પ્રમાણે કરે છે. કોઈ જીવશાસ્ત્રનો પ્રયોગ 'બાયોલોજિકલ વોરફેર' બનાવવા માટે કરે તો કોઈ તેનો ઉપયોગ રસી બનાવવા માટે કરે છે.

જેવી રીતે પાણી કે જળનું એક એકમ (મોલેક્યુલ)નું સર્જન એ અદ્રશ્ય હાઈડ્રોજન વાયુના બે અણું (એટમ) અને અદ્રશ્ય ઓક્સિજન વાયુના એક અણુંના સંયોજનથી બને છે; અને સાધારણ પરિસ્થિતિમાં પાણી પ્રવાહી સ્વરૂપે અને દ્રશ્ય હોય છે અને હાઈડ્રોજન તથા ઓક્સિજન વાયુના સ્વરૂપમાં હોય છે અને અદ્રશ્ય હોય છે. તેવી રીતે એક જીવંત પ્રાણી પણ દ્રશ્ય શરીર અને અદ્રશ્ય આત્માનું સંયોજન છે. શરીરને બાહ્ય સગવડ અને સવલત ગમે છે જયારે આત્માને શાંતિ ગમે છે. તેથી એમ કહી શકાય કે વિજ્ઞાન એ શરીરના રક્ષણ, સગવડ અને સવલત માટે મહત્વનો ફાળો આપેલ છે, જયારે જ્ઞાન ખાસ કરીને ધાર્મિક કે આધ્યાત્મિક જ્ઞાન એ આત્માના કલ્યાણ કે સુખાકારી માટે જરૂરી છે. પણ શરીર વગરનો આત્મા એ પાણીની વરાળ જેવો છે જે વાતાવરણમાં રહેલું હોય છે, પણ કશા કામનું ના હોય! તેથી હાલના મહામારીના સમયમાં અને હવે પછીની જીવન શૈલીમાં જ્ઞાન નહીં પણ વિજ્ઞાનનું સ્થાન ઊંચું રહેશે, તેથી ભવિષ્યમાં જ્ઞાન પૂજા નહીં પણ વિજ્ઞાનપૂજા કરવી હિતાવહ છે. આમતો પૂજા એ ધાર્મિક વિધી છે જે જ્ઞાન છે, અને તેના દ્વારા વિજ્ઞાનની પૂજા કરવી એ પ્રવૃત્તિ કે વિધિમાં જ્ઞાન અને વિજ્ઞાનનો સમન્વય થશે. તાજેતરમાં ભારતને ફ્રાંસે પાસેથી આઠ રફાલ વિમાનો ખરીદ્યા, તે જયારે ભારતમાં આવ્યા ત્યારે રક્ષામંત્રી શ્રી રાજનાથસિંહે તેની વિધિ વિધાન સાથે અબીલ ગુલાલથી પૂજા કરેલ. મહાન વૈજ્ઞાનિક અલબર્ટ આઈન્સ્ટાઈનએ એક વિધાન કરેલ કે ''ધર્મ વગરનું વિજ્ઞાન પંગુ છે, અને વિજ્ઞાન વગરનો ધર્મ અંધ છે'' (Science without religion is lame, religion without science is blind). આ વાક્યના પૂર્વાંગમાં ધર્મનો અર્થ ધાર્મિક ક્રિયાકર્મ કે માન્યતા નહીં પણ માનવતા છે, અને ઉત્તરાંગમાં વિજ્ઞાનનો અર્થ સમજદારી કે બુદ્ધિજન્ય અભિગમ છે.

**છીપનું મોતી :** સમાજ જયારે જ્ઞાન નહીં પણ જ્ઞાનીઓનું અને વિજ્ઞાન નહીં પણ વિજ્ઞાનીઓનું સન્માન કરશે ત્યારે એક પરિપક્વ અને પ્રગતિશીલ સમાજના રૂપમાં ઉભરી આવશે.

# મળવા જેવા માણસ...

## ડૉ. વિરલ દીપ શાહ (લોડાયા), સાંધવ - મુલુંડ

B.H.M.S. (Homeopathy)



દર બુધવારે હું ગુર્જરમાતમાં હોમિઓપેથી વિશે આ યુવા તબીબનો લેખ વાંચુ ત્યારે હંમેશા મને તેમની મુલાકાત લઇ પ્રકાશ સમીક્ષામાં તેમના વિચારો પ્રકાશિત કરવાની ઇચ્છા થાય. આ અઠવાડિયે વિરલબેનની ટેલિફોનિક મુલાકાત લેવાનો મને મોકો મળ્યો.

ડૉ. વિરલ શાહ છેલ્લા આઠ વરસથી મુલુંડમાં હોમિઓપેથી તબીબ તરીકે કાર્ય કરે છે. શ્રીમતી ધારિણી દિપક પુનશી લોડાયા (જખૌ-મુલુંડ)ના સુપુત્રી છે અને શ્રી દીપ પ્રફુલ માણેકજી લોડાયા (સાંધવ-મુલુંડ) સાથે લગ્ન થયા છે. ડૉ. વિરલે વિવિધ શારિરીક રોગોને દૂર કરવાના માહિતીપ્રદ અનેક વિડીઓ બનાવ્યા છે જે યુટ્યુબ ઉપર ઉપલબ્ધ છે અને જે ખૂબ જ ઉપયોગી છે. ડૉ. વિરલે હોમિઓપેથીનો અભ્યાસ શ્રીમતી ચંદાબેન મોહનભાઇ પટેલ હોમિઓપેથી કૉલેજ મુંબઇમાં કર્યો છે.

હોમિઓપેથી એ વૈકલ્પિક ચિકિત્સા પધ્ધતિ છે જેનું સંશોધન ઇ.સ. ૧૭૯૬માં જર્મનીના ડૉ. સેમ્યુઅલ હેનમેનએ કર્યું હતું. હોમિઓપેથીનો મૂળભૂત સિધ્ધાંત એ છે કે રોગગ્રસ્ત વ્યક્તિને ઓછામાં ઓછા પાવરની દવા આપી સ્વસ્થ કરવા તથા દર્દીને સંપુર્ણ રીતે રોગમુક્ત કરવા. હોમિઓપેથી અંતર્ગત થતો ઉપચાર વ્યક્તિગત હોય છે જે દર્દીની આનુવાંશિકતા, ટેવો, રોગ તથા અન્ય અનેક બાબતો ઉપરથી નિર્ધારિત કરવામાં આવે છે. આ પધ્ધતિ સલામત, કુદરતી તથા ઉપયોગી છે જે તમારા શરીરમાંથી રોગના કારણો દૂર કરી શરીરને સ્વસ્થ બનાવી રોગમુક્ત કરે છે.

**પ્ર.સ.: એલોપેથીમાં વધુ તકો રહેલી હોવા છતાં... આપે એલોપેથીને બદલે હોમિઓપેથી ભણવાનું કેમ પસંદ કર્યુ ?**

**ડૉ.:** નાનપણથી જ હું હોમિઓપેથી પ્રત્યે આકર્ષિત હતી તથા માનતી હતી કે એલોપેથીની સરખીમણીમાં હોમિઓપેથીનો અભ્યાસક્રમ સરળ પણ છે. સત્ય એ છે કે હોમિઓપેથીનો અભ્યાસ પણ એટલો જ મુશ્કેલ છે.

હોમિઓપેથીની એક વાત મને ખૂબ ગમી તે એ કે હોમિઓપેથી રોગને દબાવવાને બદલે જડમૂળથી દૂર કરે છે. કેન્સરની સારવાર પણ હોમિઓપેથીમાં શક્ય છે. એટલે હું કહેવા માંગું છું કે આ ક્ષેત્રમાં અનેક સંભાવનાઓ છે.

**પ્ર.સ.: એલોપેથી અને હોમિઓપેથી વચ્ચે શું તફાવત ?**

**ડૉ.:** એલોપેથીમાં બધા સમાન રોગીઓને એક સમાન દવા અપાય છે. ઉદાહરણ તરીકે તાવ-માથાનો દુખાવો વગેરેમાં સમાન દવાઓ અપાય છે જ્યારે હોમિઓપેથીમાં દરેક દર્દીને જરૂરત મુજબ અલગ પ્રકારની તથા અલગ માત્રામાં દવા અપાય છે. હોમિઓપેથીમાં દર્દીની જીવનશૈલી, ભોજનની આદતો, પારિવારિક સ્થિતિ, દર્દીની પ્રકૃતિ વગેરે બાબતોને ધ્યાનમાં લઇ દવાનો પ્રકાર તથા માત્રા નક્કી કરવામાં આવે છે. હોમિઓપેથી દવાની કિંમત પણ એલોપેથી દવાઓની સરખામણીમાં ખૂબ ઓછી પણ છે.

**પ્ર.સ.: હોમિઓપેથી દ્વારા હઠીલા-જૂના રોગોની સારવાર થઇ શકે છે ? કેન્સરને દૂર કરી શકે છે ?**

**ડૉ.:** હા જી. જો દર્દી કોઇપણ વાત છુપાવ્યા વિના ખરેખરી બાબતો જણાવે અને ડૉક્ટરની સૂચનાઓનું પાલન કરે તો જૂના-હઠીલા રોગમાંથી મુક્ત થઇ શકે અને કેન્સરમુક્ત પણ બની શકે.

આ વર્ષે જ્યારે કોવિડ-૧૯ નું સંક્રમણ શરૂ થયું હતું ત્યારે અનેક સેવા સંસ્થાઓએ પ્રતિકારશક્તિ વધારવા હોમિઓપેથી દવાનું ખૂબ મોટા પાયે વિતરણ કર્યું હતું. આયુષ મંત્રાલય - ભારત સરકાર દ્વારા પણ જેનું સૂચન કરવામાં આવેલ હતું.

**પ્ર.સ.: તો પછી હોમિઓપેથી દવાઓ સ્વીકૃત કેમ નથી ? અને બહુમતી જનતા આ અંગે જાગૃત કેમ નથી ?**

**ડૉ. :** દવા કંપનીઓ એલોપેથી દવાઓના વેચાણથી ખૂબજ મોટો નફો કમાઇ શકે છે એટલે વિશ્વભરમાં ખૂબજ મોટા પાયે દવાઓનો પ્રચાર-પ્રસાર કરે છે. મેં અગાઉ કહ્યું તેમ એક રોગ માટે એક જ પ્રકારની દવા હોવાથી પ્રચાર કરવો સરળ બની જાય છે. હોમિઓપેથીમાં દરેક દર્દી અનુસાર દવા અને તેની માત્રા અલગ હોય છે એટલે મોટા પાયે પ્રચાર કરવો સંભવ નથી.

**પ્ર.સ.: આટલી નાની ઉમરે તમે આટલી બધી સફળતા કઇ રીતે પ્રાપ્ત કરી ?**

**ડૉ.:** મારા માતા-પિતા (ધારિણીબેન-દિપકભાઇ) એ મને અભ્યાસ કરવા પ્રોત્સાહન આપ્યું અને મને પીઠબળ પુરું પાડ્યું. લગ્ન પછી મારા પતિ દીપ, સાસુમા રીટાબેન અને સસરાજી પ્રફુલભાઇએ હંમેશા સંપુર્ણ ટેકો આપ્યો જેથી ડૉ. તરીકે મારી કારકિર્દીનું ઘડતર થયું.

**પ્ર.સ.: આપણા જ્ઞાતિજનો માટે આપનો સંદેશ ?**

**ડૉ.:** તમારી દિકરીઓ તથા પુત્રવધુઓને તેમના શિક્ષણ તથા કારકિર્દી માટે પરવાનગી તથા પ્રોત્સાહન આપો જેથી તેઓ ઉંચી ઉડાન ભરી શકે, જીવનમાં આગળ વધી શકે જે આજના સમયની માંગ છે.


**પ્ર.સ.: આપનો કિમતી સમય આપી ઉપયોગી માહિતી આપવા બદલ આભાર.**

**– ડૉ. હીરાચંદ દંડ**

**આશાની નદી...**

## ઈચ્છા શક્તિ

**નિરવ પ્રફુલ દંડ**, ડોંબીવલી
મો.: ૯૮૨૧૬ ૧૭૩૭૭



મોટા ભાગનાં લોકો એટલે નિષ્ફળ નથી જતાં કે તેઓમાં યોગ્યતા નથી. ઘણાં લોકામાં યોગ્યતા હોય છે પણ ઈચ્છા શક્તિનો અભાવ હોય છે. આપણામાં યોગ્યતા અને લાયકાત હોવા છતાંય જો આપણે પ્રબળ ઈચ્છા શક્તિની સાથે કાર્ય ન કરતાં હોઈએ તો આપણે ઉંચા સ્થાન પર ન પહોંચી શકીએ. કોઈપણ કાર્ય કરવા માટે ઈચ્છા શક્તિની જરૂર પડે છે. ઈચ્છા શક્તિના અભાવથી માણસ નિક્રિય અને હતાશ બની જાય છે. જે લોકોમાં કશી કરવાની ઈચ્છા શક્તિ હોતી નથી તે લોકો પોતાનું જીવન પણ ઔપચારિકતા માટે જીવે છે કાર્ય પણ ઔપચારિકતા માટે કરે છે. આવાં લોકો કાર્ય કરવાં માટે કરે છે, પણ સાચી લગનથી કે મન રહીને કાર્ય કરતાં નથી. એક પ્રબળ ઈચ્છા શક્તિને જ કાર્ય કરવા માટે પ્રેરે છે. અને જે લોકોની ઈચ્છા શક્તિ એકદમ પ્રબળ હોય છે તે લોકો કાર્ય કરીને જ જંપે છે. જ્યારે સામાન્ય ઈચ્છા શક્તિવાળા લોકો મુશ્કેલીઓ આવતાં, મુંઝવણ થતાં કાર્યને છોડી દે છે. જે લોકોમાં અખૂટ ઈચ્છા શક્તિ છે તેમને કોઈ તાકાત રોકી શકતી નથી તે લોકો મુશ્કેલીઓથી હતાશ કે નિરાશ થર્યા વગર આગળ વધે છે. નબળી ઈચ્છા શક્તિવાળા કાર્યની શરૂઆત જ કરી શકતા નથી. સામાન્ય ઈચ્છા શક્તિવાળા કાર્યને અધવચ્ચે છોડે છે. જ્યારે પ્રબળ ઈચ્છા શક્તિવાળા કાર્યને સંપૂર્ણ કરીને જ રહે છે. આપણને હંમેશા ઉચ્ચ આકાંક્ષાઓ રાખવી જોઈએ કારણ કે મહાન આકાંક્ષાથી જ મહાન માનવીનાં જન્મ થાય છે.

## વાચકોનો પ્રતિસાદ

પ્રકાશ સમીક્ષાના અંક નં. ૮માં ચર્ચાને ચોતરે વિભાગમાં શ્રી રમેશભાઈ લોડાયા લિખિત ''વતન નો સાદ'' વાળો લેખ સમયોચિત છે. ''દરેક ગામવાસી શ્રીમંત આગેવાનોએ આ બાબતે વિચારણા કરી ગામડા ફરી વસાવવાનો પ્રયત્ન કરવો સમયની માંગ છે.'' આ વાક્ય રેખાંકિત કરવા જેવો છે.

આ સંદર્ભમાં શ્રી સુથરી સંઘની પહેલ અભિનંદનીય અને અનુકરણીય છે.

જો કે, આ વિષયમાં ઘણું મોડું થઈ ચૂક્યું છે, તેમ છતાં 'જાગ્યા ત્યારથી સવાર' સમજી – જ્ઞાતિની મોભી સંસ્થાઓ તરફથી યોગ્ય માર્ગદર્શન – ખાસ કરીને નાણાકીય સંદર્ભમાં મળી રહે તો નાના નાના ગામો પણ આ દિશામાં નક્કર પ્રયાસો કરી શકે. આશા છે કે, આ વિષયમાં ઘટતું કરવામાં આવશે.

તે ઉપરાંત, આ અંકમાં, વનિતા વિશ્વ, નવો રાહ, આરોગ્ય પ્રકાશ, વન રૂમ કિચન વગેરે લેખો મનનીય છે. સૌ લેખકોને અભિનંદન.

**– દિનેશ આર. શાહ,** મોટી સિંધોડી–મલાડ
મો. 88509 80177


## કોરોના પુનઃ પ્રહાર

નવરાત્રી આવતા જ જાણે થયો જન જન નવસંચાર,
કરી ઘટસ્થાપના આંગણે, ઘુમ્યા ગરબે બની બેદરકાર.
આવી દીપાવલી લઈ મનભાવન તહેવાર,
શુભેચ્છાઓની સાથે સંક્રમણ પાઠવ્યા બેસુમાર.
ઉજવવા પર્વ પ્રત્યેક અતિ ઉમંગભેર,
ઉમટ્યા માનવો શેરીએ શેરીએ પુષ્કળ પારાવાર.
વિસરી ગયા સહુ અસ્તિત્વ કોરોનાનું સદંતર,
ન પહેર્યા માસ્ક કે ના જાળવ્યું સુરક્ષિત અંતર.
તેમાં ભળી સર્વત્ર શિત વાતાવરણની લહેર,
કરી રહ્યો પુનઃ કોરોના બની ભોરિંગ પ્રહાર.
થંભ્યો પુનઃ શહેરોશહર પૂર્વવત થયેલ વ્યવહાર,
સમય છે હજી ચેતી જાવ સહુ નારીને નર.
ત્યજો નાહક ભટકવું બની મદમસ્ત બેફીકર,
અન્યથા....
સંક્રમિત થતાં જ રહેશે વધુ ને વધુ ઘર પરિવાર.

**– જ્ઞાનેશ જયચંદ લાપસીયા,** દલતુંગી–મુલુંડ ચેકનાકા

અતીતની અટારીએથી

# ''ઘડિયાલ ગોદીથી કચ્છ-માંડવીની દરિયાઈ સફર (૮)''



સોમ ધરમશી

મો. 97267 76627

(ગતાંકથી ચાલુ...)

સામાન્ય રીતે બધા પાસે થેપલા-દહીં અને છાસના બાટલા તો હતા જ પણ વિવિધ પ્રકારના ફરસાણ પણ દ્રષ્ટિગોચર થતા હતા. લાડુની સુગંધ તો મારી ભુખને વધુ સતેજ કરી રહી હતી. ગણપતિ બાપાને યાદ કરતાં-કરતાં ચુરમા અને ચોટીયા લાડુ મેં પેટમાં પધરાવી દીધા. ક્યાંકથી એક અલગ જ સોડમ-સુગંધ વાતાવરણમાં ફેલાવવા લાગી પણ દૂર-દૂર સુધી દ્રષ્ટિપાત કરતાં એ સુગંધનું ઉગમ સ્થાન નજરે પડ્યુ નહીં. મેં મારા નાકના તંત્રને વધુ સાબદુ કરી એ સુગંધને મારા શ્વાસમાં ભરી મારા મગજ તરફ પૃથકરણ કરવા મોકલવા માંડ્યો અને મારી આંખ રૂપી દૂરબિનથી એ સુગંધ કયા ટિફીન માંથી આવતી હતી તે માટે ગુપ્તચરોને કામે લગાડ્યા. પણ અફસોસ કે એ સુગંધનો અતો-પતો લાગી શક્યો નહી તે છેવટે અમે રેલડીયા-મંજલ (મારા ગામથી) ભુજ તરફ એક વખત ફરવા ગયા ત્યારે બસ સ્ટેન્ડ પાસેની લારી માંથી આવતાં મળી. ત્યારે ખબર પડી કે આ કચ્છની વિશિષ્ટ વાનગી ''ખારીભાત'' એટલે કે વઘારેલી ભાતની હતી જેને અહીંની પ્રજા વાર-તહેવારે કે લગ્ન પ્રસંગે મુસ્લિમ જ્ઞાતિના જમણવારમાં અચુક પિરસાય છે.

વચ્ચે ખાતાં-ખાતાં હું ચંદન તરફ અનિમેષ નજરે જોઈ લેતો. મારા માતુશ્રી અને ચંદનના માતુશ્રી ભાથામાં બનાવેલ વિવિધ વાનગીઓની બનાવટ (Recipe)ની વિશિષ્ટતાઓની આપ-લેમાં મશગુલ હતા અને ''મોટી'' એક હાથમાં વાર્તાની ચોપડી અને બીજા હાથે ચકલીની માફક ચણવામાં.

લગભગ બપોરના બે વાગવા આવ્યા હતાં. અમારી સ્ટીમર ધીમી પણ મકમ ગતિએ પોતાની મુસાફરીમાં મદમસ્ત રીતે આગળ વધી રહી હતી. વાતાવરણમાં હિલોળા લેતા મોજાઓના કારણે એક લયબદ્ધ સંગીતની સુરાવલી છેડાઈ રહી હતી. આવા વાતાવરણમાં કેટલાકની અતિ સતેજ નાકેન્દ્રિય માંથી સંભળાતા નસકોરા એક અનોખી જમાવટ કરી રહ્યા હતાં. થોડે દૂર એક મોટી મુચ્છવાળા દાદાજીના નસકોરાના આવાગમનના કારણે તેમની મુચ્છો ઉપર-નીચે થઈ રહી હતી. મારા માતુશ્રી તેમજ આજુબાજુમાં ગોઠવાયેલ જેષ્ઠ નાગરિકો અને સ્ત્રી વર્ગ વામકુક્ષીની મોજ માણી રહ્યું હતું.

## હું આભારી છું

આ લેખમાળા શરૂ થયા પછી મને આપણી જ્ઞાતિમાંથી મારા ઓળખીતા તેમજ અન્ય ઘણી વ્યક્તિઓના પોતાના સ્ટીમર પ્રવાસ વિશે અનુભવ આપતા ફોન આવ્યા છે. દરેક વ્યક્તિને મેં વિનંતી કરી છે કે આપના અનુભવો કાગળ પર ઉતારી પ્રકાશ સમીક્ષાના તંત્રી મંડળને મોકલી આપો તેઓ સંપાદન કરી યોગ્ય સમયે છાપશે. પણ આપણા લક્ષ્મીનંદનો સરસ્વતીથી કેમ દૂર ભાગે છે એ હજી સુધી હું જાણી શક્યો નથી. ગુજરાતી સાહિત્યના મહાન કવિ નર્મદને યાદ કરી ''હિમતે મર્દા તો મદદે ખુદા''નો નારો લગાડી કુદી પડો. કહેવાય છે કે લખતાં લહિયો થાય.

આપણી જ્ઞાતિનાં તે જમાનામાં કચ્છમાં વસવાટ કરતાં શ્રી ભદ્રીક પુનશીભાઈ મૈશેરી (કચ્છ-માંડવી)ના વડીલો ''વહાણવાળા'' તરીકે ઓળખાતા. મુંબઈ-મુલુંડમાં રહેતા સામાજિક કાર્યકર રાયચંદ લધુભાઈ સોની (સુથરી)એ તેમની પ્રથમ માંડવી-કચ્છથી મુંબઈની સફર પર લગભગ ૨૦ થી ૨૫ મિનિટ યાદોનાં પોપડાં ઉખેડી ઉખેડી મારી પાસે વર્ણવ્યા. રાયચંદભાઈ તમે તો લખો.

કોચીનમાં વસતા શ્રી લહેરચંદ શિવજી લોડાયા (નલિયા)એ ફોન ઉપર ઈ.સ. ૧૯૫૦ની આસપાસ કોચીનથી મુંબઈની ''કેબીન''ની મુસાફરીની વાતો યાદોનાં ઈસ્કોતરામાંથી ખંખોળી ખંખોળીને સંભળાવી - અનુભવ લખવા કહ્યુંતો કહે કે ''ભાઈ વર્ષોથી કોચીનમાં વસવાટ કરતાં આપણી માતૃભાષામાં વાતચીત તો કરી શકીયે પણ લખવું આ ઉંમરે મુશ્કેલ છે.

''અતિતની અટારીમાં'' આવા બધા જેષ્ઠ નાગરિકો પણ યુવાનીના સંસ્મણોથી થનગનતા લોકોને નવલોહિયા લેખક બનવા આમંત્રણ છે.

છેવટે મને આનંદ એ વાતનો છે કે આ બધા ફોન ઉપરના સંદેશાઓએ મારી ભ્રમણા તોડી છે કે ''પ્રકાશ સમીક્ષા કોણ વાંચે છે ? ? ?'' (વધુ આવતાં અંકે...)

પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન

સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી છત્તીસગઢ ક.દ.ઓ. જૈન યુવા મંડળ રાયપુર

શ્રી કુંથુનાથ જિનાલયમાં દિવાળીના પાંચ દિવસ દીપક પ્રગટાવીને દિવાળીની ઉજવણી કરી એમાં શ્રીમતી પૂજા હિતેશ મોમાયા અને કુમારી સેજલ વિજય લોડાયાનો સહયોગ મળ્યો. દિવાળીમાં ફટાકડા ના ચલાવ્યા એ નાના બાળકોને પણ ઇનામ આપવામાં આવ્યા. એમાં શ્રી કરન દીપક નાગડા અને શ્રી રોનક વિજય લોડાયાનો સહયોગ મળ્યો.

### નલીનપુર નારી નિગમ, નલીયા-કચ્છ

નવરાત્રીમાં બહાર ગરબા રમવા જવાનું શક્ય ન હોવાથી નલીનપુર નારી નિગમ performance based નવરાત્રી સ્પર્ધા લઇ આવ્યું હતું. જેમાં ગરબા રાસ, દાંડીયા, ગાયન વગેરે માંથી કોઇપણ ૨ મિનિટનું performance video shooting કરીને મોકલવાનું હતું. નલીનપુરના સભ્યોએ ખૂબજ ઉત્સાહથી વિવિધતા સભર performances રજુ કર્યા, જેમાં સોલો ડાન્સ, સાસુ વહુનો ડાન્સ, મા દીકરી નો ડાન્સ, ફ્યુશન ડાન્સ, ગાયન સાથે ગરબા, વિવિધ Prop સાથે performances એવા વિવિધ સામેલ હતા.

### સખીવૃંદ પુણે

લેખાબેન જીનેન માલદેએ નેલ આર્ટના વિષય પર મિટિંગ તા. ૭ નવેમ્બર, ૨૦૨૦ ગૂગલ મીટ પર કરી. તેમણે ઘરની સજાવટ નેલ આર્ટ સ્ટુડિયો જેવી કરી હતી. નવકારના પઠન બાદ કોમલ ધરમશીએ ઓક્ટોબર મહિનાનો અહેવાલ રજૂ કર્યો. લેખાબેને નખની માવજત ઘરમાં જ મેનિક્યોર પેડિક્યોર દ્વારા કરી શકાય છે તેવી સમજ આપી. નખને આકર્ષક બનાવવા વિવિધ પધ્ધતિની નેલ આર્ટ ડિઝાઇન અને પ્રકાર પર પ્રકાશ પાડ્યો.

કૃત્રિમ નખ અને તેમાં ઉપર વપરાતા જુદા જુદા પેટર્ન, મોતી ડાયમંડ, રિંગ, સ્પાર્કલિંગ વગેરે તરફ ધ્યાન દોર્યું. નેલ બાઈટિંગ જેવી સમસ્યાથી બચવા એંટિ બાઈટિંગ જેવા પ્રવાહી વાપરી શકાય છે તેની જાણ કરી. અંત માં મહિમા નાગડાએ લેખાબેન માલદેનો આભાર માન્યો.

### શ્રી પારોલા ક.દ.ઓ. શ્વે. મૂર્તિપૂજક જૈન શ્રીસંઘ

શ્રી પારોલા તીર્થમાં ચાતુર્માસાર્થે બિરાજમાન તપસ્વીરત્ન આ.ભ. પ.પુ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તીની પરમ વિદુષી પ.પુ. સાધ્વીશ્રી પુણ્યોદયાશ્રીજી મ.સા. શિષ્યા, પ.પુ. સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદીઠાણા ૪ના નિશ્રામાં તા. ૨૯-૧૧-૨૦૨૦ના શ્રી સિધ્ધાચલ મહાતીર્થ યાત્રાના આયોજનમાં ગામવાસી જ્ઞાતિ ભાઇ-બહેનોની સારી સંખ્યા થઇ હતી. ભાતાના લાભાર્થી પરિવાર માતુશ્રી લક્ષ્મીબાઇ વેલજી લોડાયા, આરિખાણા-મુલુંડ. ચાતુર્માસ દરમ્યાન નાની મોટી તપસ્યાના તપસ્વીઓની અનુમોદના લાભાર્થી પરિવાર શા. માણેકજી હીરજી છેડા પરિવાર, જસાપર-જલગામ. પ્રભાવના માતુશ્રી કુંવરબાઇ નેણશી સોની, સાંયરા-ધુલીયા.

તા. ૨-૧૨-૨૦૨૦ ધુલીયા ચાતુર્માસાર્થે બિરાજમાન આગમ દિવાકર પ.પુ. આ.ભ. શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા. આદીઠાણા ૩ મુમુક્ષ પ્રીયકાંતભાઇ દેઢીયા – ધરણગામવાલા સાથે પ્રથમ વિહાર કરી પારોલા તીર્થમાં સામૈયું સાથે ગામપ્રવેશ થયો છે. ચૈત્યવંદન બાદ માંગલિક થયેલ. પ.પુ. આ.ભ. મ.સા. અને પ.પુ. સાધ્વીશ્રીજી મ.સા. શાતામાં છે. પ.પુ. આ.ભ. શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા. આદીઠાણા ૩ નો વિહાર ધરણગામ તરફ છે.

### રાયધણજર નગરે ચાતુર્માસ પરિવર્તન

રાયધણજર નગરે ચાર્તુમાસ માટે બિરાજમાન પ.પુ. સાધ્વીશ્રીજી નમ્રગુણાશ્રી ચાર્તુમાસ પરિવર્તન માટે રાયધણજર થી સકળ સંઘ સાથે કારતક વદ બીજના શ્રી મંજલ રેલડીયા અચલગચ્છ જૈન સંઘના આગ્રહથી પધાર્યા હતા. ત્યારે વાજતે ગાજતે સામૈયું કાઢી તેમને તથા સકળ સંઘને આવકરાવમાં આવ્યા હતા. શ્રી આદેશ્વરદાદાની મનમોહક મુર્તિનાં દર્શન અને ચૈત્યવંદન બાદ પ.પુ. સાધ્વીજી એ મનનીય પ્રવચન આપી સૌને ભાવવિભોર કર્યા હતા. શ્રી આદેશ્વર મહારાજ દેરાસરજીના ટ્રસ્ટી સોમ ધરમશી એ મંજલ નગરને પ્રાપ્ત થયેલ આ શુભ પ્રસંગ માટે આનંદ વ્યક્ત કરી શ્રી રાયધણજર જૈન સંઘનો અને પ.પુ. સાધ્વીજીનો આભાર વ્યક્ત કર્યો હતો.

ઉજવણીમાં શ્રી મંજલ રેલડીયા અચલગચ્છ જૈન સંઘના પ્રમુખશ્રી લક્ષ્મીચંદ ગોશર, અતિથીગૃહમાં મેનેજર શ્રી મંગલ લાલકા અને પુજારી શ્રી નારાણજી દંડ તેમજ શ્રી સતુભા સોઢાએ સારી એવી જહેમત ઉઠાવી હતી.

## શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન-રાયપુર

તા. ૨૨-૧૧-૨૦૨૦ ના મહાજન દ્વારા દિપાવલી મિલન તથા વિદ્યાર્થી સન્માન સમારોહનું આયોજન શ્રી કુંથુનાથ જિનાલયના હૉલમાં કરવામાં આવ્યું હતું. જેમાં જ્ઞાતિના આગેવાનો તથા જ્ઞાતિજનો ઉપસ્થિત હતા.





## વતનના વર્તમાન

સંકલન : કેસરસિંહ ખોના

### ફિલ્મ ટી.વી. અભિનેત્રી એકતાને દાદા સાહેબ ફાલકે આઈકોન એવોર્ડ ૨૦૨૦

એકતા ભારતી હીરાચંદ દંડ (જૈન), મંજલ રેલડીયા-મુંબઇને એક ખાનગી ક્ષેત્રના ઉદ્યમ દ્વારા દાદાસાહેબ ફાલકે આઇકોન એવોર્ડ એનાયત કરાયો હતો. એકતા જૈનને આ એવોર્ડ અભિનેત્રી, મૉડેલ, સોશ્યલ મીડિયા ઇન્ફલ્યુએન્સર તરીકે આપવામાં આવ્યો હતો.

### બોંતેર જિનાલય ખાતે ગુરૂમંદિર

બોંતેર જિનાલયના નિર્માણમાં આદિથી અંત સુધી નિર્માણ નિરીક્ષક રહેલા નિર્વાણ પ્રાપ્ત અચલગચ્છાધિપતિ પ.પૂ. જૈનાચાર્ય શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના સમાધિ સ્થળે ગુરૂમંદિરના નિર્માણ માટેની ખનનવિધિ પુજ્યશ્રીના પ્રશિષ્ય મુનિશ્રી રાજ રત્ન સાગરજી મ.સા.ની નિશ્રામાં કરવામાં આવી હતી.

### સરહદ ડેરીનું ટર્નઓવર ૭૦૦ કરોડ

તાજેતરમાં અંજાર ખાતે યોજાયેલી સરહદ ડેરીની વાર્ષિક સામાન્ય સભામાં ડેરીના ચેરમેનશ્રી વલમજી હુંબલે જણાવ્યું હતું કે કચ્છ ડેરીનું વાર્ષિક ટર્નઓવર રૂા. ૭૦૦ કરોડ થયું હતું. વલમજીભાઇ આ વર્ષે અમૂલના બોર્ડમાં વાઇસ ચેરમેન તરીકે ચૂંટાઇ આવ્યા છે. તેમણે જણાવ્યું હતું કે પ્રોડક્ટ શ્રેણીમાં ઊંટણીનું દૂધ શામેલ થતાં કચ્છના દૂધ ઉત્પાદકો ખૂબજ આગળ આવ્યા છે. ડેરી સાથે ૭૦૦ દૂધ ઉત્પાદક મંડળીઓ જોડાયેલી છે.

### પ્રથમ મેમણ છાત્રાને પીએચડી

ભુજની કુ. શાહીન શહેજાદ મેમણ પીએચડીની ડિગ્રી મેળવનાર મેમણ સમાજની પ્રથન કન્યા છે. શાહીને કચ્છ યુનિવર્સિટીના કોમર્સમા 'એન ઍનેલિટીકલ સ્ટડી ઓન ફાઇનાંન્સીયલ લિટરસી એન્ડ ઇન્વેસ્ટમેંટ બિહેવીયર પેટર્ન ઑફ કચ્છ ડિસ્ટ્રિક્ટ' વિષય પર ડૉ. પી.એસ. હીરાણીના ગાઈડન્સમાં કચ્છના મેમણ સમાજના પ્રથમ મહિલા પીએચડી થયા છે.

### શત્રુંજય તીર્થે પંચ પરમેષ્ઠિ ગૌરવોત્સવ

શત્રુંજય તીર્થે ભૂમિ પર અખંડ ૧૯મા વર્ષીતપ તપસ્વી જૈનાચાર્ય કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા. આદિ સાધુ-સાધ્વી વૃંદની પાવન ઉપસ્થિતિમાં સાધ્વી જયદર્શિતાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી કેશવજી નાયક ધર્મશાળામાં પંચ પરમેષ્ઠિ ગૌરવોત્સવ ઉજવવામાં આવ્યો હતો. અરિહંત સિધ્ધ પદ અંતર્ગત ક.દ.ઓ. જૈન મહાજન સંચાલિત પ્રત્યેક જિનાલય માટે દાતાશ્રી તરફથી ધ્વજા અર્પણ કરવામાં આવી હતી. આચાર્ય પદ અંતર્ગત કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.નું ૩૬ પ્રકારથી ગુરૂ પૂજન કરવામાં આવ્યું હતું.

### સુથરી હિંગલાજ માતાજી

સાંસદ વિનોદભાઇ ચાવડાએ કચ્છી રાજગોર સમાજ નાકર મહાસ્થાન સમ્મેલનમાં સુથરી સ્થિત હિંગલાજ માતાજીના દેવસ્થાનના વિકાસ માટે સાંસદ રાશિમાંથી રૂા. ત્રણ લાખનો ફાળો આપવાની જાહેરાત કરી હતી.

### હેમંત શાહનો કેનેડાના વડા પ્રધાનને જવાબ

તાજેતરમાં કેનેડાના વડા પ્રધાન જસ્ટીન ટ્રૂડોએ દેશમાં, ખાસ કરીને પંજાબના ખેડૂતોના આંદોલનને લઇને ભારત સરકારની ટીકા કરી હતી. વિનિપેગમાં વ્યવસાય કરતા વરાડિયાના હેમંતભાઇ શાહે એ ટીકાનો કેનેડાના વડા પ્રધાનને જવાબ આપતાં કહ્યું હતું કે ભારત મોટો લોકશાહી દેશ છે અને પોતાની સમસ્યાઓ ઉકેલવામાં સક્ષમ છે. કોઇ પણ વિદેશી સરકારને ભારતની આંતરિક બાબતોમાં દખલ દેવાનો અધિકાર નથી. અહીં કોરોનાની બીજી વેવ શરૂ થઇ પરિસ્થિતિ વણસી રહી છે તેની ઉપર ધ્યાન દેવાની સાથે ભારત સાથેના વ્યાપારમાં વધારો કરવાની બાબત વધુ અગત્યની છે.

# Mantras- Sound Codes To Infinite Power and Peace



- **Shilpa Ajani** (B.com, DG, FGA (Lon), FFIG)

As kids we have all heard, read and immensely enjoyed the famous folk tale of Alibaba and the 40 thieves. One day, Alibaba the woodcutter happens to see a group of 40 thieves visiting their stored treasure. Their treasure is in a cave, the mouth of which is sealed by a huge rock. Alibaba overhears one of the 40 thieves saying "open sesame".

He sees that the cave opens on the magic words "open sesame" and seals itself on the words "close sesame". Haven't we too always wished that there were some similar "magic words", some sound codes that could help solve all our problems and make all things better ? Well, the truth is that such magic words; sound codes which have the magical power to throw open to us the doors to our infinite inner treasures, do exist! In fact we all inherit them from our loving ancestors in the form of sacred mantras!

What is the mantra ? 'Mantra' literally means 'an instrument of thought'. Any sound, word or phrase that alters consciousness merely through tone, rhythm, or physical vibration is a mantra. The deeper meaning is: 'mantra' is that which rescues or protects one who seeks refuge in it. A mantra protects its practitioner by endowing him with immense knowledge and endless power. Mantra chanting can be either loud, silent or in whispers.

For a mantra to be effective in the life of the practitioner it is most essential that the following basic rules be observed :

1. Surrender to an enlightened Guru for the prescription of an appropriate mantra,
2. Purification of body and mind,
3. Upright Posture,
4. Visualisation of the higher reality,
5. Faith and patience,
6. Meditation on the meaning of the mantra and
7. Absorption - finally becoming one with the mantra.

Not only is the mantra chanting the easiest of all techniques of meditation it is also the most beneficial. Chanting provides physical, mental and intellectual peace. Our soul becomes active by its constant chanting. The body is charged with new energy. It has a positive effect on the mind-brain. It is soothing, reduces anxiety and depression, boosts immunity, increases radiance and also releases neuroses. Professor J. Morgan Institute of Neuro Science and Research and his associates studied the effects of the 'Om' mantra chanting for nearly seven years. It was found that by simply chanting Om Mantra, the body gets rid of disease and stress. Even in deadly disease, this mantra shows its effect like magic.

Mantra chanting unlocks bottled intuition, awakens compassion and is ultimately empowering. One most engrossing tale of such empowerment is that of the great Acharya Mantungsuri:

Acharya Manatunga was put under arrest by King Harshdev in city of Dhara. He was locked in a room and all over his body an iron-chain was fastened with as many as 48 links.

In such a state of imprisonment, Acharya Mantungsuriji became deeply engrossed in the prayer of Tirthankara Adinath Rishabhadev and as he composed each of the 48 stanzas of Bhaktamar Stotra, the links began to break one after the other till he was finally set free !

Bhaktamar Stotra is one among many powerful and popular unparalleled lustrous gems of devotional Jain literature like Kalyanmandir Stotra and Uvasaggaharam Stotra.

In brief, the mantras contain magical power and are a great solace to the devotee in trouble. Those who have practiced them with due faith have experienced their gainful results. Next time friends, we will talk about the grace and glory of the great Namokar Mahamantra which is considered and honoured by all Jains everywhere as being the sum and substance of all the 14 'purvas' which were an integral part of the ancient canonical literature of Jainism.

***

**Over View**

# CELEBRATE FOOD

**Tilakchand K. Lodaya,** Chennai.
(Former Chief Commissioner of IncomeTax) Mob.: 99406 36646



Very frequently I come across youngsters, especially College going girls and ladies, who very regretfully say, "today I ate a Peda or a Laddu or a Samosa or a Chapati with ghee. It was very delicious; But now what will happen to my weight and figure??!!

Food is the prime necessity for existence. For centuries cooking and eating was a celebration and treated as God's Gift. Food was treated as an outcome of hard work. It was our life. We were grateful to all who made food possible.

Have the people become guilt- ridden unhappy eaters? Since a few decades food itself is seen as the No.1 enemy. We are battling with food. We have created anti-thoughts towards food and hence nature has anti- responded accordingly. We are moving against the waves and wondering why health is dissipating? A Calorie conscious person's mantra is "Don't eat that."

As a result, our relationship with food has become increasingly unpleasant. We eat too much or too little. We are all the time measuring and eating. As the need for food is secured, it has gone out of our priority list and substituted by other needs, necessary or unnecessary. Corona has taught us that many of our so called needs are superfluous. It has reinforced the thought 'listen to your body'. Don't search for solutions outside your body. We need to take the road that would take us back to the joyful, nourishing, and the healing avatar of food, which is India's heritage. That's when food becomes your medicine; else your medicine becomes your food.

There is no evidence to show that people who followed calorie charts or did extreme fasting etc., lived longer or had no disease. On the other hand, those who enjoyed eating and drinking had a happier and healthier life, some of them even crossing a century.

Most of the bodily functions are involuntary. Only one aspect was given to men and that's eating. Let us not refuse more food, whatever may be the reason. Punctual eating is the means to good health. Eat wholesome food. Eat with joy. Take time to eat. Do normal exercise. Avoid packaged and processed food. After all, good health comes with celebrating food and eating with joy and happiness. Of course follow the golden rule of middle path, viz., No extremes or excesses. Before taking food energise it by expressing gratitude. Chew well. Let saliva do part of digesting. Eat vegetarian food as our body is more suitable to it. No talk or less talk while eating. No watching TV or reading news papers or books while eating.

Offer this scrumptious God gifted food to the temple of your body. So just as a devotee, you should devote exclusive time for eating and celebrating food !

* * *

## જૈન માયનોરિટી અંતર્ગત સરકાર દ્વારા મળતી સહાય

મહારાષ્ટ્ર સરકાર દ્વારા જૈન લઘુમતી (Jain Minority) શિષ્યવૃત્તિ (Scholarship) યોજના અંતર્ગત ઉચ્ચ અભ્યાસ (Higher Education) સ્કીમ ઑનલાઈન શરૂ થઈ ગઈ છે. More Information Logon : https://mahadbtmahait.gov.in

## સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા વિનંતી છે. આપના સહકારની આશા સાથે....

**લગ્ન સંબંધી**

ભૂજ સ્થિત સુખી ક.દ.ઓ. પરીવારની યુવતી, ઉ.વ. ૨૩ વર્ષ, (૧૯૯૭), યુવકના વડીલો સંપર્ક કરે.
સંપર્ક : **97122 90515**

**Exclusive Embroidery & Upto date Finishing**
જ્યોતિ *Sachi Jari maate real nam*
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ, માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
**Tel.: 2404 3995 / 83692 52836** **Sunday Closed**
**Online Shopping via WhatsApp available. By appointment only.**
**Originally at Zaveri Bazar since 1976** Follow us on

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરૂં નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **ઋષભ દીનેશ કુંવરજી લોડાયા**<br>(PS 5718) ગામ – સાંયરા | # 24103, પ્રેસ્ટીજ ફલ્કન સીટી, બીલ્ડીંગ નં. ૨, ટાવર ૪,<br>કનકપૂરા મેઈન રોડ, કોનાનકૂન્તે ક્રોસ રોડ, બેંગલોર (KR) 560 068.<br>**મો.: 098960 15942** |
| **શ્રીમતી વિજયા કિશોર પ્રેમજી ગોશર**<br>(PS 3289) ગામ – બારોઈ | 602, સૃષ્ટિ સોલીટેર, એલ.બી.એસ. માર્ગ, ભાંડૂપ (વેસ્ટ),<br>મુંબઈ - 400 078. મો.: **099872 15194** |
| **જયંતિલાલ મોતીલાલ ખીમજી લાપસિયા**<br>(PS 1674) ગામ – રંગપૂર | 2201, મેરેથૉન મોન્ટેકાર્લો, મદનમોહન માલવીયા રોડ,<br>MTNL ઓફીસની સામે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - 400 080.<br>**મો.: 098673 48739** |
| **કિશોર રાયચંદ ધારસી લાલકા**<br>(PS 1525) ગામ – મોટી ખાવડી | 1701, મનીષા પ્રાઈડ, જે.એન. રોડ અને આર.એચ.બી. રોડનો<br>જંકશન, કોટક મહેન્દ્ર બેંકની ઉપર, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - 400 080.<br>**મો.: 097730 87013 / 098698 26925** |
| **ભરત હંસરાજ શીવજી ખોના**<br>(PS 5553) ગામ – બારોઈ | ફલેટ નં. 7, પહેલે માળે, કેડીઓ રેસીડન્સી અપાર્ટમેન્ટસ,<br>મનોજ પેરેડાઈઝ લે-આઈટ, ફેસ-૧, સંસ્કાર સ્કૂલની પાસે,<br>ઓફ કૂસૂગલ રોડ, હૂબલી KR – 580 023.<br>**મો.: 077609 55275** |
| **ભરત વિશનજી આણંદજી મોમાયા**<br>(PS 5564) ગામ – વરાડીયા | ફલેટ નં. 5, પહેલે માળે, કેડીઓ રેસીડન્સી અપાર્ટમેન્ટસ,<br>મનોજ પેરેડાઈઝ, લે-આઈટ, ફેસ-૧, સંસ્કાર સ્કૂલની પાસે,<br>ઓફ કૂસૂગલ રોડ, હૂબલી KR – 580 023.<br>**મો.: 097389 06409** |
| **લહેરચંદ શીવજી હેમરાજ ધરમશી**<br>(PS 3695) ગામ – જશાપૂર | રૂમ નં. 201, ભગવતી શ્રધ્ધા કો.હા.સો., દેવી ચોક,<br>નીવારા બંગલો, શાસ્ત્રી નગર, ડોંબીવલી (વેસ્ટ), MH – 421 202.<br>**મો.: 080825 17224** |
| **જીગ્નેશ જેઠાલાલ મણસી ડાઘા**<br>(PS 4914) ગામ – દલતુંગી | A-9, રામેશ્વર અપાર્ટમેન્ટ, ચીખોદ્રા રેલ્વે ક્રોસીંગ, રૂપાપૂરા,<br>આણંદ, GJ - 388 001.<br>**મો.: 090995 43399** |

## જીવનચક

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭-૦૮-૨૦ | મુલુંડ | હિદા દીપ રમેશ ધરમશી | સુથરી | પુત્રી |
| ૨૨-૧૦-૨૦ | જખૌ | ધ્યાન, શ્રધ્ધા જતીન રમેશચંદ્ર ટોકરશી લાલકા (ભુલ સુધાર) | જખૌ | પુત્ર |
| ૦૫-૧૧-૨૦ | ડોંબીવલી | કુશ, ડીન્કી સચીન રમેશ લોડાયા | મોટી ખાવડી | પુત્ર |
| ૨૬-૧૧-૨૦ | વડોદરા | દિવિત, મેઘના નિલેશ દિનેશ ધરમશી | સુથરી | પુત્ર |

### જ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૯-૦૯-૨૦ | ગાંધીધામ | લિતેશ ભરત મણીલાલ મોતા | રાપર ગઢવારી | ૨૭ |
| | જસાપર | અલ્કા શરદ શીવજી ધરમશી | જસાપર | ૨૫ |
| ૨૫-૧૦-૨૦ | મુલુંડ | દર્શન નવીન રાયમલ મોમાયા | સુથરી | ૨૭ |
| | ગદગ | ચંદ્રિકા ભરત શીવજી દંડ | સુથરી | ૨૫ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯-૧૧-૨૦ | ડોંબીવલી | મયંક કીર્તિ ગોવિંદજી દંડ | નલિયા | ૨૭ |
| | અહમદનગર | ગુંજલ કિરણ નાગશી નાગડા | કોઠારા | ૨૫ |
| ૧૯-૧૧-૨૦ | મુલુંડ | જીનેન રાહુલ પુનમચંદ મૈશેરી | લાલા | ૨૬ |
| | કાંદિવલી | શિવાની શૈલેશ ચીમનલાલ મોમાયા | વરાડિયા | ૨૩ |
| ૧૯-૧૧-૨૦ | ઇન્દોર | મલય સુનીલ મેઘજી મોતા | તેરા | ૩૦ |
| | ઇન્દોર | માનસી દિપક શામજી લોડાયા | જખૌ | ૨૮ |
| ૨૨-૧૧-૨૦ | ગાંધીધામ | ગૌરવ ભુપેન્દ્ર લાલજીભાઈ લોડાયા | વારાપધર | ૨૭ |
| | બુરહાનપુર | દિપાલી ભરત દેવશી દંડ | વરાડિયા | ૨૬ |
| ૨૫-૧૧-૨૦ | વડાલા | પૂરવ કિશોર દામજી ધરમશી | કોઠારા | ૨૮ |
| | વસઇ | આકાંક્ષા જયેશ મણીલાલ મોતા | લાખણીયા | ૨૩ |
| ૩૦-૧૧-૨૦ | ડોંબીવલી | હિતેશ અનીલ જીવરાજ દંડ | ભરૂડિયા | ૨૯ |
| | ડોંબીવલી | પલ્લવી ચંદ્રકાંત ત્રિકમજી લોડાયા | દલતુંગી | ૨૫ |

## આંતરજ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨-૧૧-૨૦ | મુલુંડ | અક્ષય મનોજ દૌલતરાવ જાધવ | અમરાવતી | ૨૯ |
| | ચેમ્બુર | દિવ્યા ચેતન લક્ષ્મીચંદ લોડાયા | રવા | ૨૮ |
| ૨૩-૧૧-૨૦ | હૈદરાબાદ | ચેતન નરેશ નાનકરામ થડાની | હૈદરાબાદ | ૨૬ |
| | હૈદરાબાદ | મૈત્રી જયેશ મણીલાલ મોમાયા | વારાપધર | ૨૫ |
| ૨૫-૧૧-૨૦ | કાંદિવલી | પસન સનત હીરાલાલ ચોકસી | સુરત | ૨૬ |
| | મુલુંડ | મેઘલ રાજેશ રાયચંદ છેડા | વારાપધર | ૨૬ |
| ૨૬-૧૧-૨૦ | કોલકત્તા | સિધ્ધાંત જતિન હરસુખ શેઠ | માનકૂવા | - |
| | કોલકત્તા | રિધ્ધી જયંત કલ્યાણજી ધુલ્લા | સુથરી | ૨૫ |
| ૨૯-૧૧-૨૦ | થાણે | અક્ષત દિલીપ પદમશી નાગડા | રંગપુર | ૨૪ |
| | મુલુંડ | નેહા રાજેશ્રી દિનાનાથ શીવપુજે | સિલ્લોડ | ૨૭ |
| ૨૯-૧૧-૨૦ | ધારવાડ | રાકેશ પ્રકાશ સાંભરાણી | ધારવાડ | ૨૮ |
| | ગદગ | મોનીકા સંજય ઠાકરશી મોતા | રાપર ગઢવારી | ૨૮ |
| ૩૦-૧૧-૨૦ | આણંદ | મનીષ બચુભાઇ જગજીવનદાસ શેઠ | મહૂવા | - |
| | વડોદરા | નેહા મણીકાન્ત માણેકજી લોડાયા | લાલા | ૩૪ |

## સગપણ છુટા

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦-૧૧-૨૦ | અમદાવાદ | કેવલ સન્દીપ તારાચંદ મોતા | સુથરી | ૨૭ |
| | ખંડવા | મીનાલી અનિલ ધનજી સાયલા | લૂણી | ૨૬ |

## આંતરજ્ઞાતિ સગપણ છુટા

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦-૧૧-૨૦ | ચેમ્બુર | પ્રિયંક શશીકાંત હીરજી ગણાત્રા | અંજાર | ૩૪ |
| | મુલુંડ | નેહા હંસકુમાર શામજી શિયાલ | જખૌ | ૩૫ |

## લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૭-૮-૨૦ | વડોદરા | પ્રસાંત રમેશચંદ્ર માણેકજી ખોના | જખૌ | ૩૬ |
| | ભૂવનેશ્વર | વિની ધનેશ લક્ષ્મીચંદ લોડાયા | સાંયરા | ૨૬ |

## આંતરજ્ઞાતિ લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૩૦-૧૧-૨૦ | ધુલિયા | ડૉ. વરૂણ કેતન ઠાકરશી ગોસર | ગોએરસમા | ૩૨ |
| | લાસલગાંવ | ડૉ. સારિકા હિરાલાલ કચરદાસ સંકલેચા | તિવરી-મથાલીઆ | ૨૮ |

## મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬-૧૧-૨૦ | કોઠારા | મણીબાઇ ગોવિંદજી મેઘજી મોતા | ધ્રુફી | ૮૯ |
| ૧૬-૧૧-૨૦ | કોડાય | લક્ષ્મીચંદ પાસુભાઇ ગડા (સોનબાઇ મુલજી ગોશર-બાયઠના જમાઇ) | કોડાય | ૭૭ |
| ૧૬-૧૧-૨૦ | ગદગ | મધૂકાન્તા લહેરચંદ નેણશી લોડાયા | સાંયરા | ૭૭ |
| ૧૬-૧૧-૨૦ | ચેન્નઈ | નિર્મલા જયંતીલાલ લખમશી લોડાયા | સિંધોડી | ૭૦ |
| ૧૮-૧૧-૨૦ | ડોંબીવલી | લહેરચંદ લખમશી ભવાનજી ખોના | વરાડીયા | ૬૦ |
| ૧૮-૧૧-૨૦ | ખામગામ | ચંદ્રકાન્ત કેશવજી લખમશી નાગડા | નલિયા | ૭૪ |
| ૧૮-૧૧-૨૦ | ભાંડુપ | બાંયાબાઇ (મંજુલા) ચાંપસી પેથરાજ શિઆલ | દલતુંગી | ૮૬ |
| ૨૧-૧૧-૨૦ | અંબરનાથ | મધુબેન શાંતીલાલ દામજી કુરપાર | રાપર | ૫૨ |
| ૨૨-૧૧-૨૦ | મુલુંડ | ભૂપેન્દ્ર પૂનશી કરમશી મૈશેરી | જખૌ | ૭૫ |
| ૨૨-૧૧-૨૦ | રંગપૂર | મંજુલા રાયચંદ પૂનશી શીવજી નાગડા | રંગપૂર | ૭૧ |
| ૨૨-૧૧-૨૦ | સેંઘવા | પ્રવીણચંદ દામજી કાનજી મોમાયા | બારોઈ | ૬૫ |
| ૨૪-૧૧-૨૦ | ભૂજ | કુલિનકાન્ત પદમસી હિરજી મુનવર | કોઠારા | ૫૭ |
| ૨૫-૧૧-૨૦ | દાદર | નવલબાઇ નવીનંદ્ર ધનજી ધરમશી | સુથરી | ૮૨ |
| ૨૬-૧૧-૨૦ | વડોદરા | મુલચંદ ચત્રભૂજ મેઘજી કાંકન (લોડાયા) | સાંધાણ | ૭૦ |
| ૨૭-૧૧-૨૦ | ડોંબીવલી | ખીમજી ઠાકરશી નાગશી લોડાયા | જખૌ | ૭૦ |
| ૨૯-૧૧-૨૦ | ઇરોડ | ઇંન્દુમતી મણીકાન્ત દામજી મૈશેરી | નલીયા | ૭૮ |

**વિશેષ નોંધ :** જીવનચક્રમાં પ્રકાશિત થતી લગ્ન-સગપણ, જન્મ-મરણની વિગતોમાં મહિનાની છેલ્લી તારીખ સુધી આવેલી માહિતી તા. ૫ ના અંકમાં તથા ૧૫ તારીખ સુધી આવેલી માહિતી તા. ૨૦ ના અંકમાં પ્રકાશિત થશે જેની નોંધ લેવા ખાસ વિનંતી.

**– તંત્રી મંડળ**


## 50% Reserved seats in Engineering for Jain Candidates

SNJB'S Late Sau. Kantabai Bhavarlalji Jain College of Engineering, Chandwad (Nasik, MH) is a Jain Minority Engineering degree college with 50% seats reserved for Jain Candidates from all over India.

For admission details please send:
Name of the student and Mobile number to**...**
**Prof P. M. Bora 9689421506**

Reasonable fee structure, Separate hostels for boys and girls within the campus, Good vegetarian (Jain) food round the year, 100% placement assistance, good for study, NAAC accredited with Grade APermanently Affiliated to Savitribai Phule Pune University Approved by AICTE

**Eligibility :** 50% marks in PCM for open category and 45% for other than open category in 12th Science in addition to MHTCET/JEE.

**Branches (Intake) :** Mechanical (120), Computer (120), Civil (60) Eltrx & Telecomm. (30), AI & Data Science (30)


### જાહેરાતદારોને નિવેદન

આપ જ્યારે જાહેરાતની મેટર મોકલાવો ત્યારે તેની સાથે બીલ કોના નામનું જોઇશે તે જણાવશો. સાથે આપનું સરનામું, કોન્ટેન્ટ પર્સનનો મોબાઇલ નંબર અચૂક મોકલવા વિનંતી. પેમેન્ટ મોકલ્યા પછી પેમેન્ટ ટ્રાંજેક્શન સ્લીપ કે પે સ્લીપ સાથે મોબાઇલ નંબર મોકલવા જેથી રકમ આપના ખાતામાં જમા લઇ શકાય.

### વિગતવાર સમાચાર મોકલવામાં ઔચિત્ય – મર્યાદા

જ્ઞાતિ સંસ્થાની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોના સમાચારો સમાચાર વિભાગમાં પ્રકાશિત કરવા મોકલતી વખતે મુખ્ય વિગતો જ જણાવવા વિનંતિ છે. દીપ પ્રાગટ્ય, નવકાર મંત્ર પઠન, કોણે કોનું સન્માન કર્યું, ઇનામો-પારિતોષિકો મેળવનારનાં નામો, પર્યુષણમાં કયું સપનું કોણે પધરાવ્યું, ક્યા ક્યા વિશિષ્ટ મહાનુભાવો હાજર રહ્યા હતા જેવી વિગતો સમાચારમાં લઇ શકાતી નથી.

## શ્રી હિતેશ હીરાચંદ શાહ (નાગડા)ને અભિનંદન



મા. ખાસદાર મનોજભાઈ કોટક તથા જીલ્લા અધ્યક્ષ અશોકભાઈ રાયના માર્ગદર્શનથી શ્રી હિતેશ હીરાચંદ શાહ (નાગડા) ભાંડુપ-તેરાની ભારતીય જનતા પાર્ટી ઈશાન્ય મુંબઈના ગુજરાતી સેલના પ્રમુખ પદે વરણી કરવામાં આવેલ.

## કોરોના વૉરિયર મયુર ધુલ્લાનું બહુમાન



તાજેતરમાં મુલુંડ વિસ્તારના મયુર મણિકાંત ધુલ્લા, જખૌ-મુલુંડનું મહારાષ્ટ્રના રાજ્યપાલ શ્રી ભગતસિંહ કોશ્યારીના હસ્તે કોરોના વૉરિયર તરીકે બહુમાન કરવામાં આવ્યું હતું. મયુરભાઇને અભિનંદન.

## સખીવૃંદ પુણે (અહેવાલ સમાચાર વિભાગમાં)





## નલીનપુર નારી નિગમ, નલીયા-કચ્છ (અહેવાલ સમાચાર વિભાગમાં)







# પ્રથમ પુણ્યતિથિએ અશ્રુભિની શ્રધ્ધાંજલિ

### મા ની મમતા

તું જ છે ઘરની લક્ષ્મી, તું જ છે ઘરની રાણી
તારા વગર લાગે ઘર સુનું સુનું
તું જ રહીશ કાયમ અમારા દિલમાં,
અમારા રોમરોમમાં તારી દરેક વાતો
તારૂં હૃદય બધા માટે પ્રેમ લાગણીથી સભર
તારો મધુર કોકિલ કંઠ, નિખાલસ હૃદય, ચુંબકિય સ્મિત
મા ની મમતા ના ભુલાય કદી અમારાથી
હર એક પલ છે તું અમારા દિલમાં
તને અમે રોજ Miss કરીએ છીએ, સુખ અને દુ:ખની ક્ષણોમાં.

**મનીષ - સોનલ - મીતા - અમિત - વિશાલ - ક્રિના - પ્રાચી**

ધર્મ પુણ્યની લક્ષ્મી ગાંઠે, સત્કર્મો નો સાથ,
ભવસાગર તરવાને માટે, અન્ય નથી કોઇ સાથ.
જતાં જતાં 'આતમ પંખી' જીવનનો સાચો મર્મ સમજાવી ગયું.

**માતુશ્રી જેતબાઇ લક્ષ્મીચંદ લોડાયા** (વારાપધર-ચાલીસગામ)ની સુપુત્રી અને
**માતુશ્રી ધનબાઇ (ભીખીબાઇ) દામજી નેણશી મોતા** (રાયધણજરવાલા)ની પુત્રવધુ



**સ્વ. અ.સૌ. દમયંતી (કોકીલા) કિશોરચંદ્ર મોતા**

(ગામ : રાયધણજર, હાલ : ભાંડુપ)
જન્મ : તા. ૧૪-૯-૧૯૪૪
દેહવિલય : તા. ૫-૧૨-૨૦૧૯



# કદી પણ ન ભૂલાય... એવા માણવા જેવા માનવ...

# શ્રી લેરીનભાઈ વર્ધમાન ખોના

## (સુજાપુર - પવઈ)

**માતુશ્રી મણીબાઈ વર્ધમાન શામજી ખોનાના ગૃહે** એક કુલદીપકનો જન્મ થયો...એ સાલ હતી ઈ.સ. ૧૯૫૬ મહિનો ફેબ્રુઆરી અને તારીખ ૧૮.. ૧+૮ = ૯...આ ૧૮, ૨૭, ૯ તારીખોમાં જન્મ લેનારા માનવો મંગળના જોમ અને ઉમંગથી ભરેલા હોય છે. કંઈક કરી છૂટવું... પુરૂષાર્થની કેડી કંડારવી... પણ મંગળનો જોમ જોખમી ન બને એટલા માટે એમાં ગુરૂનો સંગમ કે ગુરૂની દ્દષ્ટી હોવી જોઈએ... જેથી ખોટી લાઈન કે આડે રસ્તે ન ફંટાય... એમના ભાગ્યોદયે ગુરુનો સમાગમ થયો અને ધીમે ધીમે જીવન ધાર્મિક અને સામાજીક સેવાના ક્ષેત્રે આગળ ધપ્યું.

કુટુંબમાં દીક્ષિત થનારા દાદી મહારાજ એટલે **ખોના કુળદીપિકા પ.પૂ. વિમલયશાશ્રીજી મ.સા.** જેમણે **પ.પૂ.સા.શ્રી પદ્મ-રૂપ-જગતશ્રીજી** મ.સા. ના શિષ્યા સાધ્વી મુખ્યા પૂ. સાધ્વી શ્રી **નિરંજનાશ્રીજી** મ.સા. ના ચરણે જીવન સમર્પિત કર્યુ...

યોગ્ય ઉમરે ધર્મપત્નિ તરીકે **નયનાબેનનો** સથવારો મળ્યો. માતા-પિતાના ધર્મ સંસ્કારો... દાદી મહારાજનો પરિચય સત્સંગ અને ધર્મપત્નિ નયનાબેનની પ્રેરણાથી ધાર્મિક - સામાજિક ક્ષેત્રે તેઓ ખુબ આગળ ધપ્યા. સાહિત્ય દિવાકર, વર્તમાન ગચ્છનાયક પ.પૂ.આ.ભ. શ્રી **કલાપ્રભસાગરસૂરીશ્વરજી** મ.સા. ના પરિચયમાં આવ્યા. એમને ગુરુપદે સ્થાપી ભાવથી એક સમર્પિત ગૃહસ્થ શિષ્ય તરીકે તેમણે હંમેશા ગુર્વાજ્ઞાને માન આપ્યું. પવઈમાં સાહેબજીનું આગમન હોય ત્યારે **સંઘ પ્રમુખ શ્રી વશનજીભાઈ લાલજી છેડા (ગોધરા)** સાથે ખભેખભા મિલાવી ઉભા હોય. શ્રી પવઈ સંઘમાં વર્ષો સુધી અનેક પદે રહી સેવા આપી. સાહેબજી યાદ કરે એટલે લેરીનભાઈ હાજર જ હોય. દરેક સાધુ-સાધ્વીજી ભગવંતોના મુખમાં **લેરીનભાઈનું નામ** હોય. ભલે સાતમે માળે રહેતા હોય પણ... સાત માળના પગથીયા ચડીને પણ એમની ભાવનાથી પૂ. ગુરૂભગવંતો એમના ગૃહે પગલા કરતા. પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોની વૈયાવચ્ચ - શાતાપુચ્છામાં હંમેશા આગળ રહેનારા હતા **લેરીનભાઈ....**

### એમણે જીવનમાં કરેલી સુકૃતોની ટુંક નોંધ :

૧) પવઈમાં સંઘ સાથે મળી સાહિત્યદિવાકર પૂ.આ.ભ. શ્રી **કલાપ્રભસાગરસૂરીશ્વરજી** મ.સા.નું ચાતુર્માસ કરાવેલ. (૧૯૯૯)

૨) ચાતુર્માસ પરિવર્તન સ્વગૃહે....શ્રી ઉવસગ્ગહરં મહાપૂજન સાથે...

૩) માતા-પિતાના ઉપકાર સ્મરણાર્થે તેઓનું જીવતે જગતીયું મહોત્સવ સ્વરૂપ પૂ. આચાર્ય ગુરૂદેવની નિશ્રામાં **શ્રી નમિઉણ મહાપૂજન સહ સ્વામિવાત્સલ્ય સકલ સંઘનું.** બીજા પણ અનેક પૂજનો ભક્તિભાવથી કરાવ્યા.

૪) હું તપશ્ચર્યા નથી કરી શકતો પણ **આયંબિલ કરાવીશ** એવા સંકલ્પથી આયંબિલ કરાવતા.

૫) તપચક ચક્રવર્તી, અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી **ગુણોદયસાગરસૂરીશ્વરજી** મ.સા. ના આર્શિવાદ પણ એમના પર વરસતા.

૬) જાતિભેદ રાખ્યા વગર બધા જ ધાર્મિક સ્થળોમાં સેવા આપતા અને વગર અપેક્ષાએ પોતાના **નામ પ્રમાણે બધાને લહેર** કરાવતા.

૭) દરેકને મદદ કરવાની હંમેશા ઉચ્ચ ભાવના.... એ તો ઘણાએ પ્રત્યક્ષ અનુભવી છે.

૮) તેમની દીર્ઘદ્રષ્ટિ પણ વખાણવા યોગ્ય હતી. સમાજના શૈક્ષણિક ક્ષેત્રે કે મેડીકલ ક્ષેત્ર હોય પણ પોતાની આગવી સૂઝબુઝથી સચોટ માર્ગદર્શન આપતા.

૯) ઈ.સ. ૨૦૧૩માં પૂજ્યશ્રીની નિશ્રામાં પવઈ શ્રી શાંતિનાથ દેરાસરમાં રાજરાજેશ્વરી ભગવતી **શ્રી પદ્માવતી માતાજીની પ્રતિષ્ઠાનો અનેરો લ્હાવો** લીધો હતો.

૧૦) ઈ.સ. ૨૦૦૭માં પૂજ્યશ્રીની નિશ્રામાં સુજાપુરના નૂતન જિનાલયે **શ્રી શાંતિનાથ દાદાની પ્રતિષ્ઠાનો** લાભ લીધો.

૧૧) ઈ.સ. ૨૦૧૮માં રાણપર ગામે જીર્ણોદ્ધારિત નૂતન, નયનરમ્ય અને નાજુક જિન મંદિરે **શ્રી મહાકાલી માતાજીની પ્રતિષ્ઠાનો લાભ** લીધો.

### શ્રી સુજાપુરના શ્રી અજિતનાથ જિનાલય જિર્ણોદ્ધારનું બીડું ઝડપ્યું...

ઈ.સ. ૨૦૦૧ ની સાલમાં કચ્છના ભયંકર ધરતીકંપની હોનારતે જે તારાજી કરી એમાં સુજાપુરનું જિનાલયનું પણ જર્જરિત થયું. તિરાડો પડી... ગામમાં એકે જૈન ઘરનો વસવાટ નહિં, તો બધા કહેવા લાગ્યા સુજાપુરથી ભગવાન ઉત્થાપન કરી જે સ્વીકારવા તૈયાર હોય તે ગામે બિરાજમાન કરવા.....મત મતાંતર ચાલ્યા.... ત્યારે લેરીનભાઈએ કહ્યું નહીં, ભગવાન ક્યાંય નહિં જાય, આપણા ગામમાં જ રહેશે.....ગુર્વાજ્ઞા લીધી. જિર્ણોદ્ધાર કરવાનું બીડું ઝડપી લીધું. ગામના વડિલો પણ આગળ આવ્યા. બધાનો સાથ સહકાર મળ્યો.

યોગ્ય મૂહૂર્ત મળતા જિનાલય ઉતારી ફરી પાછું ખનન – શિલાસ્થાપન કરાવી સોમપુરા શ્રી સંજયભાઈને કાર્ય સોંપી પોતાની દેખરેખ હેઠળ ગુરૂ ભગવંતોના આર્શિવાદથી **જિનાલયનો જિર્ણોદ્ધાર** કરાવ્યો. વર્તમાન અચલગચ્છનાયક પ.પૂ.આ.ભ. શ્રી **કલાપ્રભસાગરસૂરીશ્વરજી** મ.સા. ની નિશ્રામાં ઈ.સ. ૨૦૦૭માં **ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન** સંઘ સાથે કરી ખૂબ લ્હાવો લીધો.

**વડીલ શ્રી હીરાચંદભાઈ શાહનું માર્ગદર્શન, કાંતિલાલ ખોના** તથા **હંસકુમાર છેડા જેવા સાથીદારોનો** સાથ મળતા દાતાઓનો પણ સાથ સહયોગ મળતા...**ગામમાં જિનાલય સહીત અતિથિગૃહનું નૂતનીકરણ કરાવ્યું.** ઉપાશ્રય, કાર્યાલય વગેરેનું પણ સુશોભીકરણ કરાવ્યું. સુજાપુર ગામમાં ભૂકંપમાં જર્જરિત થયેલા બધા જ **દેવસ્થાનોનું નિર્માણ કરવામાં મુખ્ય ફાળો** આપ્યો. **શ્રી કલ્યાણેશ્વર મહાદેવ મંદિર** સહિત અનેક દેવાલયો – મંદિરો ગામમાં શોભી રહ્યા છે. ગામના દરેક અવસરે ગામવાસીઓ પ્રતિષ્ઠામાં, ધજા મહોત્સવમાં નિરંતર આવતા હોય છે. હોંશભેર ભાવના – દાંડીયા – ગરબારાસ વગેરે આયોજનમાં, પૂજનોમાં પણ જોડાઈ જતા હોય છે. મુંબઈથી અનેક અવનવી વસ્તુઓ લાવી ગામમાં પ્રભાવના કરાવતા. સુજાપુરમાં સર્વે ઈત્તર જ્ઞાતિને પણ જય જિનેન્દ્ર અને શ્રી નવકાર મહામંત્ર બોલતા શિખડાવી દીધુ હતું.

પવઈ સંઘ તથા મહિલા મંડળને પણ **સ્વખર્ચે સુજાપુર ધ્વજારોહણ મહોત્સવે** લઈ ગયા.... પંચતીર્થી વગેરે યાત્રાઓ કરાવી લાભ લીધો. ૨૦૦૭ થી ૨૦૨૦ સુધી દર વર્ષે ધ્વજારોહણનું આયોજન રંગેચંગે સંગીત મંડળી સાથે વિધિવિધાનપૂર્વક કરાવવાનો એમનો કૃતનિશ્ચય હતો. સુજાપુરના ઘણા પરિવારો આ પ્રસંગોમાં જોડાતા ગયા. ગત વર્ષે ગામમાં **શ્રી ભલારા દાદાના મંદિરનો પણ જિર્ણોદ્ધાર** થતા મહાસુદ ૭ ના સારી રીતે પ્રતિષ્ઠા થઈ. તેમાં **શ્રી કિશોરભાઈ જીવરાજ સાંયા** વગેરે પરિવારો સાથે જોડાઈ લાભ લીધો.

હવે દર વર્ષે દેરાસરની ધજા છઠ્ઠના અને શ્રી ભલારાદાદાની ધજા સાતમના ઉજવાશે.

## શ્રી ક.દ.ઓ. જ્ઞાતિ મહાજનમાં ચૂંટાયા

ક.દ.ઓ. જ્ઞાતિની મુખ્ય સંસ્થા શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ તથા શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનમાં **શ્રી કલ્પેશભાઈ માણેકજી મોતા (રાપરગઢવાળી)** ના નેતૃત્વ હેઠળની પેનલમાં ઈ.સ. ૨૦૧૫ – ૨૦૨૦ પાંચ વર્ષ માટે ચુંટાયા, જેમાં ખૂબ મહત્ત્વના કાર્યો એમની રાહબરી હેઠળ પાર પડયા.

૧) જ્ઞાતિ મહાજનનું એક જિનાલય અનંતછાયા ઘાટકોપરમાં જિર્ણોદ્ધાર પામતા શ્રી શિખરબદ્ધ જિનાલયે તપચક્ર ચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી **ગુણોદયસાગરસૂરીશ્વરજી** મ.સા., સાહિત્યદિવાકર પ.પૂ.આ.ભ.શ્રી **કલાપ્રભસાગરસૂરીશ્વરજી** મ.સા. આદિ વિશાળ સાધુ – સાધ્વીવૃંદની નિશ્રામાં **ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ** યોજાયો.

૨) કાંજુરમાર્ગમાં પણ જ્ઞાતિના જિનાલયની પ્રતિષ્ઠા યોજાઈ

૩) શ્રી ભુપેન્દ્રભાઈ લાખણીયાવાળા નિર્મિત જિનાલય મહાજનને સોંપતા વાશીમાં મહાજન દ્વારા પ્રતિષ્ઠા.

૪) શ્રી ક.દ.ઓ. જ્ઞાતિનું શ્રેષ્ઠી શ્રી નરશીનાથા પ્રસ્થાપિત **પ્રથમ જિનાલય એટલે કુમઠાનું શ્રી શામળીયા પાર્શ્વનાથ જિનાલય** જે કર્ણાટકમાં આવેલું છે. જ્ઞાતિની સ્મૃતિમાં જિનાલયના સંભારણાં ફરી જાગૃત થાય એ માટે પાંચ વર્ષ દરમ્યાન ધ્વજા મહોત્સવ માટે સંઘ સાથે જઈ આયોજન કરતા અને **વાલગિરિના શ્રી શાંતિનાથ જિનાલય** એ બન્નેને લાઈમલાઈટમાં લાવવા અથાગ પ્રયાસો કર્યા.

દરેક કાર્યોમાં સાહિત્ય દિવાકર પૂ. ગુરૂદેવશ્રી તથા પૂ. મુનિરાજ શ્રી **મુક્તિરત્નસાગરજી** મ.સા. અને વિધિકાર **શ્રી કેવલભાઈ વસનજી સાવલા**નું માર્ગદર્શન લઈ એમણે ગુરૂકૃપા અને શાસન દેવોની સહાયથી બધા કાર્યો પાર પાડ્યા.

## શ્રી રાણપર જિર્ણોદ્ધાર

શ્રી ક.દ.ઓ. જ્ઞાતિ મહાજન દ્વારા જિર્ણોદ્ધાર પામેલ **શ્રી રાણપરના શ્રી મહાવીરસ્વામિ જિનાલયની ભવ્ય પ્રતિષ્ઠાનું આયોજન** કરાવેલ... ટીમવર્ક સાથે એમનું કાર્ય દીપી ઉઠતું.

શ્રી કલ્પેશભાઈ મોતા વિશ્વાસપૂર્વક બધુજ કાર્ય એમને સોંપી દેતા. આ રીતે પોતાની નાત માટે એમણે જીવનના છેલ્લા પાંચ વર્ષો અર્પણ કર્યા... છેલ્લા ૧ વર્ષ માં બધી જ સંસ્થાઓમાંથી નિવૃત્તિ લઈ **સુજાપર માટે છેલ્લે સુધી આયોજન** કરતા ગયા. આ વર્ષના ધ્વજારોહણ માટે છેલ્લા સપ્તાહમાં બધાને ફોન કરી જાગૃત કર્યા. પૂ. ગુરૂદેવના મુલુંડ ઈસ્ટમાં દર્શન કરી અચલગચ્છનાયક પદે વરણી થતા શુભેચ્છાઓ આપી આર્શિવાદ લઈ આવ્યા.

પરિવાર માટે તેઓ છેલ્લે સુધી સ્તંભ બની રહ્યા....બધી જ જવાબદારીઓ પૂર્ણ કરી. માતા–પિતાની છેલ્લે સુધી સેવા કરી. સાત મહિના પૂર્વે જ હજી માતુશ્રી મણિબાઈ વર્ધમાન ખોનાએ પરિવાર વચ્ચેથી વિદાય લઈ ગયા અને પરિવાર માટે અને સમાજ – જ્ઞાતિ માટે એક વજ્રઘાત સમાન આ ઘટના બની કે આજે શ્રી લેરીનભાઈ આપણી વચ્ચેથી વિદાય લઈ ગયા.

**અંતિમ સમયે પૂજ્યપાદ અચલગચ્છ નાયક ગુરુદેવશ્રીનો સાંત્વાના પત્ર સહિત અનેકોના દિલાસા અને શાંતિસંદેશા મળ્યા. ફોન દ્વારા અને વિવિધ રીતે શોક સંદેશા મોકલનાર સર્વેનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.**

**દિવંગત આત્મા જ્યાં પણ હોય ત્યાં સદ્ગતિ પ્રાપ્ત કરી અંતે મોક્ષયાત્રી બને એજ શુભભાવના**

**લિ. : શ્રીમતી નયના લેરીન ખોના પરિવાર ▪ જ્યોતિષાચાર્ય કેવલ વી. સાવલા**

CDO Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Date of Publication every month 5th & 20th
Postal Regd. No. MCS/217/2018-2020 WPP Licence No. MR/Tech/WPP-352/South/2018-20
Posting : 8/9 & 23/24 of Every Month Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

# प्रथम पुण्यतिथिअे विनम्र श्रद्धांजलि



## श्री विनोदचंद मानेकजी मैशेरी (नानी सिंधोडी – रायपुर)

अरिहंत शरण : ता. २९ नवेम्बर २०१९

आप हमें छोड़ कर कैसे चले गए पता ही नहीं चला । आप एक विशाल वटवृक्ष थे, जिसकी छांव में परिवार, हम सब पले बढ़े, सुरक्षित रहें । दुकान में आपकी ख़ुशीं आज भी आर्शीवाद देती लगती है । आपकी खाली जगह कोई नहीं भर सकता । आप हमारे दिल में हमेशा बने रहेंगें ।

बारम्बार नमन पिता तुल्य बड़े भाई को ।

श्री विनोदचंद मानेकजी मैशेरी (नानी सिंधोडी – रायपुर) को विनम्र श्रद्धांजलि ।

## लक्ष्मीबेन मानेकजी मैशेरी परिवार हस्ते प्रवीण मैशेरी

आपकी याद में

पत्नी : नवलबेन विनोदचंद मैशेरी बहन : पुष्पा दिनेश लुठिया बहन : हंसा जनक दंड बेटी : प्राची अंकुर शाह

बहु : प्रीति प्रवीण मैशेरी बहन : विजया प्रवीण दंड बेटी : प्रिया प्रवीण मैशेरी पुत्र : पार्थ प्रवीण मैशेरी

### महावीर ट्रेडिंग कंपनी

लक्ष्मी निवास, सेठ नेमीचंद गली, गंजपारा, रायपुर CG ४९२ ००९.

Mob.: 94252 02203 / 87707 20153 / 94255 01020

Tel.: 0771 - 2293400 / 2293401 / 4031614

If undelivered, please return to :

**C.D.O. PRAKASH SAMIKSHA**

**C/o. Madhu Entertainment & Media Ltd.,**
A/704, Remi Bizcourt, Plot No. 9, Shah Indl. Estate,
Off Veera Desai Road, Andheri (W), Mumbai-400 053.

To,

Printed, Published & Edited by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS**, 314, Mathuradas Mill Compound, N.M. Joshi Marg, Lower Parel, Mumbai - 400 013. and Published from 13A, 29/41, Tamarind Lane, Rajabahadur Compound, Fort, Mumbai - 400 001.